بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ | صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ | اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللّٰهِ | | اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

### સહીહ હદીષોની રોશનીમાં

# હુઝૂર ﷺ આખરી નબી હોવાની સાબિતી

**તથા**

# હુઝૂર ﷺ ના જેવા થવું અશક્ય


**અઝ**

## મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી

(સદર દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)

**અનુવાદક**

## પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)



## અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

C/o. ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ

Mo. 94274 64411 Mo. 96645 21477

BANK

BANK DETAILS

બેંક ઓફ બરોડા
A/c. No. 34620100000303,
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

PhonePe
Mo. 94274 64411
G Pay paytm

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.:૨૭૧ | આવૃત્તિ–૧ | પ્રત:૨૦૦૦ |
| ૧૩–ઝીકૃઅદા | હિ.સ. ૧૪૪૪ | ૬, જુન–૨૦૨૩ |

હદિયો ₹ 80/-

## ✦✦✦ અનુક્રમણિકા ✦✦✦


| | |
|---|---|
| પ્રકાશકના બે બોલ... | 04 |
| ખત્મે નબુવ્વતના અક઼ીદાની સ્પષ્ટતા અને ઈસ્લામમાં તેનું મહત્વ | 05 |
| અહલે સુન્નતની દલીલો | 07 |
| **પ્રથમ પ્રકાર** | 09 |
| દજ્જાલના ઝહૂર વિશે હદીષો | 09 |
| **બીજો પ્રકાર** | 12 |
| હારૂન علیہ السلام તથા અલી رضی اللہ عنہના મર્તબાઓ વિશે હદીષો | 12 |
| **ત્રીજો પ્રકાર** | 17 |
| અસ્માએ નબવી વિશે હદીષો | 17 |
| **ચોથો પ્રકાર** | 19 |
| બશારતો (ખુશખબરીઓ)ની હદીષો | 19 |
| **પાંચમો પ્રકાર** | 22 |
| ખત્મે નબુવ્વતના દષ્ટાંત દર્શાવતી હદીષો | 22 |
| **છઠ્ઠો પ્રકાર** | 25 |
| અંબિયા તથા રસૂલના ખલીફાઓની આગેવાની | 25 |
| **સાતમો પ્રકાર** | 26 |
| હુઝૂર ﷺના ઝહૂર બાદ નબુવ્વતનું નિષેધ હોવું | 26 |
| સહાબા તથા તાબઈનમાં કેવળ ૧૧ તાબઈ છે | 27 |
| એકાવન સહાબાએ કિરામ | 27 |
| તઝઈય્યાતમાં | 28 |



### ઈમ્તિનાએ નઝીર એટલે
### હુઝૂર ﷺના જેવા પેદા થવું અશક્ય છે


| | |
|---|---|
| 'હુઝૂર ﷺના જેવા પેદા થવું અશક્ય' એ અક઼ીદાની સ્પષ્ટતા તથા ઈસ્લામમાં એનું મહત્વ | 30 |
| અહલે સુન્નતની દલીલો | 31 |

## ✦✦✦ અનુક્રમણિકા ✦✦✦


| | |
|---|---|
| વિવાદ શું છે અને પાયાની દલીલ શું છે ?! | 34 |
| ખાતમુલ અંબિયાની ૨૪ ખાસ ખૂબીઓ જેમાં બીજાની શિર્કત શક્ય નથી | 37 |
| ઈમ્તિનાઉન્નઝીરની દલીલ પર વાંધા અને તેના સંતોષકારક જવાબ | 39 |
| એક અન્ય શંકાનો જવાબ | 39 |
| વહાબીઓની દલીલો | 40 |
| ''હુઝૂર જેવા થઈ શકે''ની પહેલી નક્લી દલીલ | 41 |
| વહાબીની બીજી નકલી દલીલ અને તેનો જવાબ | 43 |
| વહાબીની દલીલનો જવાબ | 44 |
| અતિશયોક્તિથી બચો | 45 |
| ''ફતાવાએ રઝવિય્યહ''ના એક લખાણથી સમર્થન | 46 |
| જવાબનો સાર | 47 |



# બે બોલ...

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

ગૈર મુકલ્લિદો તક઼લીદથી દૂર ભાગવા માટે કિતાબ તથા સુન્નતનું નામ ઘણા જોર શોરથી લે છે, પરંતુ તેમના અક઼ીદા તથા અમલોનું નિરીક્ષણ કરો તો કિતાબ તથા સુન્નતથી ભાગવાની વૃત્તિ (અવગણના) સ્પષ્ટ જોવા મળે છે. એ જ પ્રમાણે કોઈ અમલની ચર્ચા આવે છે તો હદીષની માગણી કરે છે, અને હદીષની કિતાબોમાં પણ ખાસ બુખારી તથા મુસ્લિમનું નામ લે છે, એટલે કે આ બેમાં જે છે તે જ દીન તથા શરીઅત છે !! અને એની બહાર જે કાંઈ છે એનો કોઈ ભરોસો નથી ! ભલે તે મજબૂતથી મજબૂત દલીલથી સાબિત થાય.

પ્રસ્તુત કિતાબમાં ગૈર મુક઼લ્લિદોના જોર શોરવાળા દાવાઓનો પર્દો ખૂબ જ સારી રીતે ઉઘાડી દેવામાં આવ્યો છે અને એ બતાવવામાં આવ્યું છે કે ડગલે ને પગલે સહીહૈન (સહીહ બુખારી, સહીહ મુસ્લિમ)થી વિમુખતા અને કિતાબ તથા સુન્નતથી દૂરી એમના ખમીરમાં સામેલ છે.

આ કિતાબમાં જે કાંઈ લખવામાં આવ્યું છે તે દલીલો તથા સાક્ષીઓની મજબૂત જંઝીરોથી જકડેલ છે, દષ્ટિવાન હોવ તો જુઓ, બહેરા ન હોવ તો સાંભળો, ખુલ્લા દિલથી અભ્યાસ કરો કે એમાં હિદાયત તથા બસીરતનો સામાન ભરપુર માત્રામાં સંગ્રહેલો પામશો. والله الهادي والنصير, *(અઝ : હઝરત સદરુલ ઉલમા મૌલાના મુહમ્મદ અહમદ મિસ્બાહી–મુબારકપુર. બહવાલા સહીહૈનસે ગૈર મુક઼લ્લિદીનકા ઈન્હેરાફ઼. જિલ્દ–૧, પેજ–૬)*

ગૈર મુકલ્લિદોના (તથા દેવબંદીઓના પણ) પેશવા ઈસ્માઈલ દહેલ્વી તેમજ અન્ય મોલ્વીઓની "ખત્મે નબુવ્વત" તથા ઈમ્તેનાએ નઝીર (હુઝૂર ﷺના જેવા થવું અશક્ય) વિશે ગુમરાહીઓનો પર્દાફાશ આ કિતાબમાં કરવામાં આવેલ છે જેને ધ્યાનપૂર્વક વાંચો અને તમારા ઈમાનને મજબૂત કરો.

*લિ. પ્રકાશક...*

## બીજો મસ્અલો

بسم الله الرحمن الرحيم

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

### ★ ખત્મે નબુવ્વતના અક઼ીદાની સ્પષ્ટતા અને ઈસ્લામમાં તેનું મહત્વ ★

આ બાબત પર આખી મુસ્લિમ ઉમ્મતના પૂર્વજ બુઝુર્ગો પાછળ બુઝુર્ગો (સલફન્ ખલફન્)નો ઈજમાઅ છે કે હુઝૂર સૈયદે આલમ તાજદારે બની આદમો આદમ જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ ખાતમુન્નબિય્યીન (خَاتَمُ النَّبِيّٖنَ અંતિમ નબી) છે. એટલે સર્વ નબીઓ અને રસૂલોમાં સૌથી છેલ્લા અને પાછલા નબી છે. **હુઝૂર ﷺની સાથે અથવા હુઝૂર ﷺ પછી ક઼યામત સુધી કોઈને પણ નબુવ્વત મળવી અશક્ય તથા મુહાલ છે.**

વળી આ અક઼ીદો ન કેવળ એ કે ઈજમાઈ તથા ક઼તઈ છે, બલ્કે જરૂરિયાતે દીનથી પણ છે, જેથી જો કોઈ આપ ﷺના આખરી નબી હોવાનો ઈન્કાર કરે અથવા એમાં શક કરે અથવા આપની સાથે અથવા **આપના બાદ કોઈને નબુવ્વત મળવી શક્ય જાણે તો તે ઈસ્લામથી ખારિજ તથા કાફિર થઈ જશે.**

અલ્લામા અબ્દુલગની નાબેલ્સી رحمۃ اللہ علیہ ''શરહુલ ફરાઈદ''માં લખે છે,

تجو يزُ نبيٍّ مع نبيّنا صلّى الله تعالىٰ عليه وسلَّم، أو بعدَه يستلزم تكذيبَ القراٰن، إذ قد نصّ علىٰ أنّه خَاتَمُ النبيّين و اٰخِر المرسلين ... فأجمعتِ الأمّة على إبقاءِ هذا الكلام علىٰ ظاهره، و هذهٖ إحدى المسائل المشهورة الّتي كفّرْنَا بها الفلاسفةَ.

ـه تعالىٰ.اهـ ملتقطاً (١)

**તર્જુમો** : ''આપણા નબી અહમદે મુજતબા ﷺની સાથે અથવા **આપના બાદ કોઈ નબીનું આવવું શક્ય માનવું એનાથી કુર્આનને જૂઠલાવવું લાઝિમ ઠરે છે.** કેમ કે કુર્આને સ્પષ્ટતા કરી આપી છે કે આપ ખાતમુન્નબિય્યીન તથા આખરિલ મુરસલીન (નબીઓ તથા રસૂલોમાં આખરી) છે અને ઉમ્મતનો ઈજમાઅ છે કે **આ કલામ પોતાના જાહેર પર છે** અને આ તે મશહૂર મસાઈલમાંથી એક છે જેના સબબે અમે ઉમ્મતના ઉલમાએ ફિલોસોફરોની તકફીર (કાફિર ઠરાવવું) કરી. અલ્લાહ તેમના પર લઅનત કરે.'' *(અલ મોઅતકદુલ મુન્તકદ, પેજ–૧૦૭, ૧૦૮, અલ બાબુષ્ષાની ફિન્નબુવ્વાત, રઝા એકેડમી, અન શરહુલ ફરાઈદ લિલ્ઈમામ અબ્દુલગની નાબેલ્સી رحمۃ اللہ علیہ)*

આ અકીદાની સાબિતીમાં કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહ (કુર્આન તથા હદીષ) તથા ઈજમાએ ઉમ્મતની સાક્ષીઓ ખૂબ જ અધિક પ્રમાણમાં (કષરતથી) મૌજૂદ છે, જેવું કે અમે નજીકમાં જ વર્ણન કરીશું.

પરંતુ એની વિરૂધ્ધ વહાબી ફિર્કાના ઈમામ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતાનો અકીદો આ પ્રમાણે વર્ણવે છે : ''એ શહેનશાહની તો એ શાન કે એક આન (ક્ષણ)માં એક 'કુન' હુકમથી ચાહે તો કરોડો નબી અને વલી અને જિન તથા ફરિશ્તા, જિબ્રઈલ તથા મુહમ્મદ ﷺના બરાબર (જેવા) પેદા કરી આપે.' *(તકવિયતુલ ઈમાન, પેજ–૨૬, ફસ્લુષ્ષાલિષ... રાશિદ કંપની, દેવબંદ)*

ઈમામુત્તાઈફા (મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)એ આ લખાણમાં પોતાના બેઅકીદા વર્ણવ્યા છે :–

**પ્રથમ અકીદો** : હુઝૂર ખાતમુન્નબીય્યીન પછી નબી પેદા થઈ શકે છે.

**બીજો અકીદો** : બલ્કે કરોડો નબી આપના બરાબર (સમાન) પેદા થઈ શકે છે.

★ પહેલો અકીદો મુસ્લિમ ઉમ્મતના ખત્મ નબુવ્વતનો અકીદો (કે હુઝૂર અંતિમ નબી છે, આપના બાદ કોઈ નબી થશે નહીં)નો ઈન્કાર છે.

★ અને બીજો અકીદો તેની સાથે ''ઈમ્તેનાએ નઝીર'' (આપ ﷺના જેવા કોઈનું પેદા થવું અશક્ય)નો પણ ઈન્કાર છે.

આપણે બીજા અક઼ીદા પર આગળ જતાં "ઈમ્તેનાએ નઝીર"ના ટાઈટલ હેઠળ ચર્ચા કરીશું અને અહીં આપણા જાને નૂર ﷺના ખાતમુલ અંબિયા હોવાની દલીલો રજૂ કરીએ છીએ.

## ★ અહલે સુન્નતની દલીલો ★

અલ્લાહ عَزَّوَجَلَّનો ઈર્શાદ છે :–

مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَ خَاتَمَ النَّبِيّٖنَ ؕ

"મુહમ્મદ તમારા મર્દોમાં કોઈના બાપ નથી, પરંતુ અલ્લાહના રસૂલ અને તમામ નબીઓના ખત્મ કરનાર અને પાછલા છે."*(સૂ. અહઝાબ, ૩૩/૪૦)*

સહાબાએ કિરામથી લઈને આજ સુધી પૂરી મુસ્લિમ ઉમ્મતે આ આયતે કરીમાનો અર્થ એ જ સમજ્યો કે આપ સર્વ નબીઓ તથા રસૂલોમાં સૌથી આખરી અને પાછલા (છેલ્લા) નબી તથા રસૂલ છે.

આ જ જાહેર અર્થ પર સૌનો ઈજમાઅ છે અને એ જરૂરિયાતે દીનમાંથી છે જેમાં કોઈ અર્થ ઘટન (તાવીલ) કે અપવાદ (તખ્સીસ) સ્વીકાર્ય નથી. જેમ કે ઈમામ હુજ્જતુલ ઈસ્લામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

إنّ الأُمّة فهمت بالإجماع مِن هٰذا اللفظِ ومن قرائنِ أحوالهِ أنّهٗ أَفْهَمَ عدمَ نبيٍّ بعدَهٗ أبَدًا، و عدم رسولٍ بعدهٗ أبدًا، و أنّهٗ ليس فيه تأويلٌ و لا تخصيص فمُنكر هذا لا يكون إلا منكر الإجماع، إهـ.[٢]

فَمَنْ أَوَّلَهٗ بتخصيصٍ فكلامُه من أنواعِ الهذيان، لايَمْنعُ الحكمَ بتكفيرِهٖ، لأنّه مُكَذِّبٌ لهٰذا النّصّ الذِي أجمعت الأَمة علىٰ أنّهٗ غيرُ مؤوّلٍ وّ لا مخصوص. اهـ[٣]

"સર્વ ઉમ્મતે મર્હૂમાએ خاتم النبیین (ખાતમન્નબિય્યીન) શબ્દનો અર્થ ઈજમાઅ સાથે એ જ સમજ્યો છે કે અલ્લાહ તઆલા એ બતાવી રહેલો છે કે તેના રસૂલ મુહમ્મદ ﷺના પછી કદાપિ કોઈ નબી થશે ન કદી કોઈ રસૂલ. સાથોસાથ પૂરી ઉમ્મતે એ સ્વીકાર્યું છે કે એમાં કોઈ તાવીલ (અર્થ ઘટન)કે અપવાદ (તખ્સીસ) નથી. જેથી એનો મુન્કિર (નકારનાર) ઈજમાઅનો મુન્કિર ઠરશે.

તો જે શખ્સ શબ્દ خَاتَمُ النبيّين (ખાતમન્નબિય્યીન)ને સામાન્યપણા તથા ઈસ્તેગરાક઼થી ફેરવીને એમાં કોઈ ખાસપણુ (અપવાદ) કરે તો એની એ વાત ફોગટની બકવાસ ગણાશે. અને એવું અર્થઘટન તથા અપવાદ કરવું તેની તકફીર (કાફિર કરવા)થી આડ બનશે નહીં, કેમ કે તે એ નસ્સે કુર્આન (કુર્આની આયત)ને જૂઠલાવી રહ્યો છે જેના બારામાં ઉમ્મતનો ઈજમાઅ છે કે એમાં કોઈ તાવીલ કે અપવાદ નથી.

સારાંશ કે આયતે કરીમા خَاتَمَ النَّبِيّٖنَ, (ખાતમન્નબિય્યીન)નો ભાવાર્થ ઈજમાઅ સાથે એ જ છે કે હુઝૂર સૈયદે આલમ ﷺ તમામ અંબિયા તથા રસૂલોમાં સૌથી અંતિમ નબી તથા રસૂલ છે. આપના બાદ કદાપિ કોઈ નવો નબી કે રસૂલ ન થશે.

ઉમ્મતે આ અર્થમાં એકમતિ એટલા માટે કરી કે શબ્દ ખાતમન્નબિય્યીનથી એ જ અર્થ જાહેર તથા ત્વરિત સમજાય છે. અને એટલા માટે પણ કે નબીયે અરબી ﷺ જેમના પર કુર્આન નાઝિલ થયું તેમણે પણ એનો એ જ અર્થ સમજાવ્યો, અને પોતાની મુબારક હદીષોમાં એ જ અર્થ વર્ણવ્યો. જેમ કે નજીકમાં મુબારક નબવી હદીષોના અભ્યાસથી જાહેર થશે. સરળતા માટે અમે એ હદીષોની સાત પ્રકારોમાં વહેંચણી કરીએ છીએ :

**પ્રથમ પ્રકાર** : દજ્જાલના ઝહૂર વિશે હદીષો.

**બીજો પ્રકાર** : હારૂન علیہ السلام તથા અલી رضی اللہ عنہના મર્તબા વિશે હદીષો.

**ત્રીજો પ્રકાર** : અસ્માએ નબવી (નબી ﷺનાં નામો) વિશે હદીષો.

**ચોથો પ્રકાર** : બશારતો (મુબશ્શિરાત) વિશે હદીષો.

**પાંચમો પ્રકાર** : તમષીલે ખાતિમ વિશે હદીષો.

**છઠ્ઠો પ્રકાર** : અંબિયાની તથા રસૂલના ખલીફાઓની ક઼યાદત વિશે હદીષો.

**સાતમો પ્રકાર** : ફરિશ્તાના ઝહૂર બાદ ઈમ્તેનાએ નબુવ્વત વિશે હદીષો.

જાણી લો કે આ સાતેવ પ્રકારો જાતે પોતે **ખત્મે નબુવ્વતના અક઼ીદાની સાત દલીલો** છે.

## પ્રથમ પ્રકાર

### ★ દજ્જાલના ઝહૂર વિશે હદીષો ★

① عَنْ أَبِي هُرَيْرَةَ ، -رَضِيَ اللّٰهُ عَنْهُ- ، عَنِ النَّبِيِّ -صلى الله تعالى عليه وسلم- قَالَ : وَلاَ تَقُومُ السَّاعَةُ حَتَّى يُبْعَثَ دَجَّالُونَ كَذَّابُونَ قَرِيبًا مِنْ ثَلاَثِينَ، كُلُّهُمْ يَزْعَمُ أَنَّهُ رَسُولُ الله.(١)

**હદીષ–૧ :** "હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યાં સુધી ત્રીસ જેટલા દજ્જાલ કઝ્ઝાબ (જૂઠા) જાહેર નહીં થાય ત્યાં સુધી કયામત નહીં આવે. તેમનામાં દરેક એ દાવો કરશે કે તે રસૂલ છે." *(સહીહ બુખારી, ૨/૧૦૫૪, કિતાબુલ ફિતન, મજલિસે બરકત, અલ જામિઅતુલ અશ્રફિયા, મુબારકપુર, સહીહ મુસ્લિમ, ૨/૩૯૭, જામેઅ તિર્મિઝી, ૨/૪૫)*

આ હદીષમાં અલ્લાહના રસૂલ ﷺએ એ ગયબી ખબર આપી છે કે આપના બાદ લગભગ ત્રીસ બદનસીબો રસૂલ હોવાનો દાવો કરશે અને સૌ બધા જ જૂઠા દજ્જાલ હશે.

જે વાસ્તવિકતાની વિરૂધ્ધ દાવો કરે તે કાઝિબ (જૂઠા) હોય છે, અને જે રિસાલત (રસૂલ હોવા) જેવા મહત્વના હોદ્દાનો દાવો કરી દે તે હકીકતની વિરૂધ્ધ હોવાની સાથોસાથ અશક્ય છે, જેથી તે દજ્જાલ તથા કઝ્ઝાબ હોય છે.

અહીં સરવરે કૌનેન ﷺએ એ રિસાલતના દાવેદારોને "દજ્જાલ તથા કઝ્ઝાબ" એટલા માટે કહ્યા છે કે આપ ખાતમન્નબિય્યીન છે, આપના બાદ કોઈ નબી પેદા થશે નહીં. જેમ કે બીજી હદીષમાં આ સ્પષ્ટતા પણ છે.

② عَنْ ثَوْبَانَ قَالَ: قَالَ رَسُولُ الله -صلى الله تعالى عليه وسلم- إِنَّهُ سَيَكُونُ فِي أُمَّتِي ثَلاَثُونَ كَذَّابُونَ كُلُّهُمْ يَزْعُمُ أَنَّهُ نَبِيٌّ وَأَنَا خَاتَمُ النَّبِيِّينَ لاَ نَبِيَّ بَعْدِى ». حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ.(١)

**હદીષ–૨ :** "હઝરત ષૌબાન رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ

ઈર્શાદ ફર્માવ્યો, નજીકમાં જ મારી ઉમ્મતમાં ત્રીસ કઝ્ઝાબ જાહેર થશે, તેમનામાંથી દરેક એવું કહેશે કે તે નબી છે, જ્યારે કે હું ખાતમન્નબિય્યીન (સૌથી આખરી નબી) છું, મારા બાદ કોઈ નબી નથી.'' *(જામેઅ તિર્મિઝી, ૨/૪૫, અબ્વાબુલ ફિતન, મજલિસે બરકાત, મુબારકપુર, મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ, પેજ-૧૬૫૬, મુસ્નદુલ અન્સાર, હદીષ-૨૨૭૫૭, બૈરૂત, સુનને અબૂ દાઊદ, પેજ-૪૬૪, હદીષ-૪૨૫૨, સહીહ ઈબ્ને હબ્બાન, ૧૫/૨૨૧, વસ્સુનનિલ કુબરા લિલબયહક઼ી, ૯/૧૮૧)*

આ હદીષ એક લાંબી હદીષનો ટુકડો છે. ઈમામ હાકિમ رحمۃ اللہ علیہએ આ પૂરી હદીષ ''અલ્મુસ્તદરક''માં લીધી છે, સાથોસાથ એ ખુલાસો કર્યો છે કે આ હદીષ શયખૈનની શર્ત પર સહીહ છે અને ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہએ તેને ટૂંકાણમાં વર્ણવી છે. જેમ કે અલ્મુસ્તદરકમાં છે :–

حدّثني أبو أسماء الرّحبي أنّ ثوبان حدّثه أنّه سمع رسولَ الله صلّى الله تعالى عليه وسلم يقول: ... و سيخرج في أُمّتي كذّابون ثلاثون كلُّهم يزعم أنّهٗ نبيّ و أنا خَاتَمُ الأنبياء، لا نبيّ بعدي ...

هٰذا حديث صحيح على شرط الشيخين و لم يخرِّجاه بهذه السياقة، و إنّما أخرج مسلم حديث ثوبان مختصرًا. اهـ ملتقطا.[1]

''મને અબૂ અસ્મા રજીએ જણાવ્યું કે હઝરત ષૌબાને તેમને આ હદીષ વર્ણવી કે તેમણે રસૂલુલ્લાહ ﷺને કહેતાં સાંભળ્યું, નજીકમાં જ મારી ઉમ્મતમાં ત્રીસ કઝ્ઝાબ પેદા થશે અને તમામે તમામ એવો દાવો કરશે કે તે નબી છે, જ્યારે કે હું સર્વ નબીઓનો ખાતિમ (અંતિમ નબી) છું, મારા બાદ કોઈ નબી નથી.''

આ હદીષ શયખૈનની શર્ત પર સહીહ છે, હા ! આ સંદર્ભ (સિયાક઼)ની સાથે એમણે એની તખરીજ (તારવણી) નથી કરી અને ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہએ હઝરત ષૌબાનની હદીષને ટૂંકાણમાં તારવી છે. *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૪૪૯, ૪૫૦, કિતાબુલ ફિતન, બૈરૂત)*

③ عن حُذَيفة أن نبيَّ الله صلى الله عليه و سلم قال : في أمّتي كذّابون ودجّالون سبعة وعشرون. منهم أربع نسوة، وإني خاتم النّبيين لا نبي بعدي.[2]

**હદીષ-૩** : હઝરત હુઝૈફા બિન યમાન رضی اللہ عنہ થી રિવાયત છે કે અલ્લાહના નબી ﷺ એ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં સત્તાવીસ કઝ્ઝાબ તથા દજ્જાલ થશે. એમનામાંથી ચાર સ્ત્રીઓ હશે. અને હું સર્વ નબીઓનો ખાતિમ (આખરી નબી) છું, મારા બાદ કોઈ નબી નથી." *(મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ, પેજ-૧૭૩૫, મુસ્નદુલ અન્સાર, હદીષ : ૨૩૭૫૦)*

આ દજ્જાલોમાંથી કેટલાક જાહેર થઈ ચૂક્યા છે અને કેટલાક બાકી છે, પણ જેઓ પણ જાહેર થયા તેમને ઉમ્મતે કાફિર ઠરાવી દીધા, અને જે જાહેર થશે તેમની પણ તકફીર થશે (કાફિર ઠરાવાશે), કેમ કે આ સર્વ નબુવ્વતના દાવેદારો ખુદા તઆલાના ઈર્શાદ وَخَاتَمَ النَّبِيّٖنَ, (નબીઓમાં સૌથી આખરી. સૂ. અહઝાબ, આ. ૩૩/૪૦)ને જૂઠાડવામાં સપડાયેલા અને મુન્કિર છે.

★ અને અલ્લાહ તઆલા ફર્માવે છે : وَمَا يَجْحَدُ بِاٰيٰتِنَاۤ اِلَّا الْكٰفِرُوْنَ "અને અમારી આયતોનો ઈન્કાર કાફિર જ કરે છે." *(સૂ. અન્કબૂત, ૨૯/૪૭)*

★ તેમજ રબ તઆલાનો ઈર્શાદ છે :

وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَاۤ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَحِيْمِ

"અને તેઓ જેમણે કુફ્ર કર્યું અને અમારી આયતો જૂઠલાવી તેઓ જ દોઝખવાળા છે." *(સૂ. માઈદા, ૫/૧૦,૮૬)*

★ وَالَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا صُمٌّ وَّبُكْمٌ فِى الظُّلُمٰتِ "અને જેમણે અમારી આયતો જૂઠલાવી, બહેરા તથા ગુંગા છે, અંધારાંઓમાં." *(સૂ. અન્આમ, ૬/૩૯)*

★ وَلَا تَتَّبِعْ اَهْوَآءَ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا "અને તેમની ખ્વાહિશોની પાછળ ન ચાલશો, જેઓ અમારી આયતો જૂઠલાવે છે." *(સૂ. અન્આમ, ૬/૧૫૦)*

★ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَمَا كَانُوْا مُؤْمِنِيْنَ "જેઓ અમારી આયતો જૂઠલાવતા હતા તેઓ ઈમાનવાળા ન હતા." *(સૂ. અઅ્રાફ, ૭/૭૨)*

યાદ રાખશો કે આ હદીષોમાં સરકાર ﷺ એ દજ્જાલોની ઓછી વત્તી જે સંખ્યા બતાવી છે એમાં "દજ્જાલે અકબર" સામેલ નથી જે ક઼યામત નજીક જાહેર થશે, કેમ કે તે "ખુદા" હોવાનો દાવો કરશે, નબી કે રસૂલ હોવાનો દાવેદાર ન હશે.

આ હદીષો સાક્ષી છે કે હુઝૂર સૈયદે આલમ ﷺ ખાતમન્નબિય્યીન છે, જેની તફસીર ખુદ સરકાર ﷺએ વર્ણવી આપી કે : لانبیّ بعدی "મારા બાદ કોઈ નબી નથી." જેથી જે બદબખ્ત આપના પછી પોતાના માટે નબી કે રસૂલ હોવાનો દાવો કરે તે કઝ્ઝાબ તથા દજ્જાલ છે, અને આ બાબત સિધ્ધ હસ્ત સાબિત થઈ ચૂકેલ બાબતોમાંથી છે કે દજ્જાલનો ઈસ્લામ સાથે કોઈ સંબંધ નથી.

## બીજો પ્રકાર

### ★ હારૂન علیہ السلام તથા અલી رضی اللہ عنہના મર્તબાઓ વિશે હદીષો ★

④ عَنْ مُصْعَبِ بْنِ سَعْدٍ عَنْ أَبِيهِ أَنَّ رَسُولَ اللهِ - صلّى اللهُ عليه وسلمَ- خَرَجَ إِلَى تَبُوكَ ، فَاسْتَخْلَفَ عَلِيًّا، فَقَالَ: أَتُخَلِّفُنِي فِي الصِّبْيَانِ وَالنِّسَاءِ، قَالَ: « أَلاَ تَرْضَىٰ أَنْ تَكُونَ مِنِّي بِمَنْزِلَةِ هَارُونَ مِنْ مُوسَىٰ، إِلاَّ أَنَّهُ لَيْسَ نَبِيٌّ بَعْدِي» .(١)

**હદીષ–૪** : હઝરત મુસ્અબ બિન સઅદ પોતાના પિતા હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ ગઝવએ તબૂકના માટે નીકળ્યા તો આપે હઝરત અલી رضی اللہ عنہને મદીના શરીફમાં જાનશીનની હૈસિયતથી છોડી આપ્યા. તેમણે અર્ઝ કરી, હુઝૂર ! આપ મને બાળકો તથા સ્ત્રીઓમાં છોડીને જઈ રહ્યા છો ?! સરકાર ﷺએ ફર્માવ્યું, શું તમે એના પર રાજી નથી કે : તમે મારા નાયબપણામાં એવી રીતે રહો જેવી રીતે મૂસા علیہ السلام જ્યારે પોતાના રબથી કલામ માટે હાજર થયા તો હારૂન علیہ السلامને પોતાના નાયબપણામાં છોડી ગયા હતા. હા ! એ ફરક છે કે હારૂન નબી હતા અને મારા બાદ કોઈ નબી નથી." *(સહીહુલ બુખારી, ૨/૬૩૩, કિતાબુલ મગાઝી, બાબ : ગઝવએ તબૂક, મજલિસે બરકાત, ૧/૫૨૬ મનાકિબે અલી ઈબ્ને અબી તાલિબ, મજલિસે બરકાત)*

મુસ્લિમ શરીફમાં ભાગ–૨માં પણ આ હદીષ આ જ પ્રમાણે વર્ણન થયેલી છે, અલ્બત્ત અહીં : لیس نبیٌّ بعدیની જગાએ لانبیّ بعدی છે, એટલે કે મારા બાદ કોઈ નબી નથી. *(સહીહ મુસ્લિમ, ૨/૨૭૮, બાબુન મિન ફઝાઈલે અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ, મજલિસે બરકાત, મુબારકપુર)*

મુહદ્દિષે જલીલ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ગણત્રી પ્રમાણે આ હદીષના રાવી સહાબીઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની સંખ્યા ૧૮ છે. અમે અહીં તેમના જ સમૃધ્ધ કલામ (કલામે જામેઅ)ની નક્લ પર અટકીએ છીએ. આપ رحمۃ اللہ علیہ લખે છે : ''ખાસ અમીરુલ મો'મિનીન મૌલા અલી کرم اللہ وجہہ الکریم ના બારામાં મુતવાતિર હદીષો છે કે નબુવ્વત ખત્મ થઈ, નબુવ્વતમાં તેમનો કોઈ હિસ્સો નથી.''

**હદીષ–૫** : ઈમામ અહમદ મુસ્નદ(માં) અને બુખારી તથા મુસ્લિમ તથા તિર્મિઝી તથા નિસાઈ તથા ઈબ્ને માજહ સિહાહ(માં), ઈબ્ને અબી શયબા સુનન(માં), ઈબ્ને જરીર તહઝીબુલ આષારમાં બુતરકે અદીદા કષીરા સૈયદના સઅદ ઈબ્ને અબી વક્કાસ(થી).[૨] *(મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ, પેજ–૧૬૦, મુસ્નદુલ અશ્રા, સઅદ ઈબ્ને અબી વક્કાસ, હદીષ : ૧૫૩૨, સહીહ બુખારી, ૨/૬૩૩, ૧/૫૨૬, સહીહ મુસ્લિમ, ૨/૨૭૬, જામેઅ તિર્મિઝી, ૨/૨૭૮, સુનનિલ કુબરા લિલ ઈમામિન્નિસાઈ, ૭/૪૧૦, સુનને ઈબ્ને માજહ, પેજ–૩૦, અલ મુસન્નફે લિ ઈબ્ને અબી શયબા, ૧૭/૯૯,૧૦૦)*

**હદીષ–૬** : અને હાકિમ બતસ્હીહે અસ્નાદ મુસ્તદરક(માં) અને તિબ્રાની મોઅજમે કબીર તથા વસીત(માં) અને અબૂ બક્ર આકૂલી ફવાઈદમાં અને ઈબ્ને મરદુવિયહ મતૂલન અને બઝ્ઝાર બતરીકે અબ્દુલ્લાહ ઈબ્ને બુકૈર અન હકીમ ઈબ્ને જુબેર અન હસન ઈબ્ને સઅદ મૌલા અલી(થી).

★ અને ઈબ્ને અસાકિર બતરીકે અબ્દુલ્લાહ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને અકીલ અન અબિયહ અન જદ્દિહી અકીલ અમીરુલ મોમિનીન મૌલા અલી (થી). *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન લિલ્હાકિમ, ૩/૧૦૮, ૧૦૯, વધુ હવાલા અસલ ઉર્દૂ કિતાબ અહાદીષે સહીહૈનસે ગૈર મુકલ્લિદીનકા ઈન્હેરાફ, પેજ–૧૦૧ માં જુઓ)*

**હદીષ–૭** : અને અહમદ તથા હાકિમ તથા તિબ્રાની તથા ઓકૈલી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ(થી). *(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, પેજ–૨૭૩, મુસ્નદે આલિલ અબ્બાસ, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, હદીષ–૩૦૬૨, વધુ હવાલા અસલ ઉર્દૂ કિતાબમાં જુઓ)*

**હદીષ–૮** : અને અહમદ હઝરત અમીર મુઆવિયહ(થી). *(ફઝાઈલે સહાબા લિલ ઈમામ અહમદ ઈબ્ને હંબલ, ૨/૫૬૬, ૫૬૭, ફઝાઈલે અલી رضی اللہ عنہ દારુલ ઈલ્મ લિલતબાઅત વન્નશ્ર, અલ મમ્લિકતિલ અરબિય્યહ)*

**હદીષ–૯** : અને અહમદ તથા બઝ્ઝાર તથા અબૂ જઅફર મુહમ્મદ તિબરી તથા અબૂ બકર મતીરી, હઝરત અબૂ સઈદ ખુદરી(થી). *(મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ, પેજ–૭૯૮. વધુ હવાલા મૂળ કિતાબમાં જુઓ)*

**હદીષ–૧૦,૧૧** : અને તિર્મિઝી બઈફાદાએ તેહસીન હઝરત જાબિર બિન અબ્દુલ્લાહથી મુસ્નદન્ અને હઝરત અબૂ હુરૈરહથી તઅ્લીકન્. *(જામેઅ તિર્મિઝી, ૨/૨૧૪, કિતાબુલ મનાકિબ ﷺ, બાબુ મનાકિબે અલી)*

**હદીષ–૧૨** : અને તિબ્રાની કબીર અને ખતીબ અલ કિતાબુલ મુત્તફિક વલ મુતફર્રિકમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર(થી). *(અલ મોઅજમુલ કબીર લિલ્ તિબ્રાની, ૧૩/૧૭૭......)*

**હદીષ–૧૪ થી ૨૦** : અને તિબ્રાની કબીરમાં હઝરત બરાઅ ઈબ્ને આઝિબ તથા ઝયદ બિન અરકમ તથા હુબ્શી બિન જુનાદા તથા જાબિર બિન સમુરા તથા માલિક બિન હુવૈરિષ તથા હઝરત ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા તથા ઝવજએ (પત્ની) અમીરુલ મો'મિનીન અલી હઝરત અસ્મા બિન્તે અમીસ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ થી રાવી :–

હુઝૂર પૂરનૂર ﷺ એ ગઝવએ તબૂક જતી વખતે અમીરુલ મો'મિનીન મૌલા અલી کرم اللہ وجہہ الکریم ને મદીનામાં છોડયા. અમીરુલ મો'મિનીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હુઝૂર ! મને બાળકો તથા સ્ત્રીઓમાં છોડીને જઈ રહ્યા છો ?! ફર્માવ્યું :–

أمّا ترضىٰ أن تكون منّي بمنزلة هارون مِن موسىٰ غير أنّه لا نبيَّ بعدي.[٥]

★ મુસ્નદ તથા મુસ્તદરકમાં હદીષ ઈબ્ને અબ્બાસ આ પ્રમાણે છે :–

ألا ترضىٰ أن تكون بمنزلةِ هارون من موسىٰ، إلّا أنّك لست بنبي.[١]

''શું તમે રાજી નથી કે તમે મારા જાનશીન રહો હારૂનની જેમ કે જે

મૂસા علیہ السلامના જાનશીન બન્યા પણ એ કે તમે નબી નથી. (અને હારૂન علیہ السلام નબી હતા) *(મુસ્નદે ઈમામ અહમદ, પેજ–૨૭૩)*

★ મુસ્નદે ઈમામ અહમદમાં હદીષ અમીર મુઆવિયહ رضی اللہ عنہથી આ પ્રમાણે છે : કોઈએ તેમનાથી એક મસ્અલો પૂછયો. ફર્માવ્યું, મૌલા અલીથી પૂછો, તે અઅલમ (જાણકાર) છે. સવાલ કરનારે પૂછયું, હે અમીરુલ મો'મિનીન ! મને આપનો જવાબ તેમના જવાબથી અધિક મેહબૂબ છે. ફર્માવ્યું, ''તેં સખત બુરી વાત કહી ! એવાને નાપસંદ કર્યું જેમના ઈલ્મની નબી ﷺ ઈજ્જત કરતા હતા અને બેશક ! હુઝૂરે એમને ફર્માવ્યું, ''તને મારાથી તે નિસ્બત છે જે હારૂનને મૂસા علیہ السلام થી, પણ એ કે મારા બાદ કોઈ નબી નથી.'' અમીરુલ મો'મિનીન ઉમર رضی اللہ عنہને જ્યારે કોઈ વાતમાં શંકા થતી તો તેમનાથી માલૂમ કરતા. رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ *(કિતાબુલ ફઝાઈલિસ્સહાબા લિલ ઈમામ અહમદ બિન હંબલ, ૨/૫૬૬,૫૬૭, ફઝાઈલે અલી رضی اللہ عنہ...)*

**હદીષ–૨૧** : અબૂ નુઐમ ''હિલ્યતુલ અવલિયા''માં હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہથી રાવી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, يا علي أخصِمُك بالنبوة و لا نُبوَّة بعدي.[1] ''હે અલી ! હું નબુવ્વતના મનાસિબે જલીલા (મહાન મર્તબાઓ હોદ્દાઓ), ખસાઈસે કષીરા જઝીલા (પુષ્કળ ખૂબ જ અધિક વિશિષ્ટતાઓ, ખૂબીઓ)માં તમારા પર ગાલિબ છું, અને મારા બાદ નબુવ્વત (નબી થવું) મુદ્દલે નથી.

★ ઈબ્ને અબી આસિમ અને ઈબ્ને જરીર બઈફાદાએ તસ્હીહ અને તિબ્રાની અવસત અને ઈબ્ને શાહીન કિતાબુસ્સુન્નહમાં અમીરુલ મો'મિનીન મૌલા અલી رضی اللہ عنہથી રિવાયત થયેલ છે : ''હું બીમાર હતો. ખિદમતે અક્દસ હુઝૂર ﷺમાં હાજર થયો. હુઝૂરે મને પોતાની જગાએ ઉભો કર્યો અને ખુદ નમાઝમાં મશગૂલ થયા. રિદાએ મુબારક (ચાદર)નો છેડો મારા પર નાખી દીધો. પછી ફર્માવ્યું :–

برئت يا ابن أبي طالب، فلا بأس عليكَ ما سألتُ الله لي شيئًا إلا سألتُ لك مثله، و لا سألتُ اللهَ شيئًا إلّا أعطانيه، غير أنّه قيل لي: إنّه لا نبيَّ بعدك.

''હે ઈબ્ને અબી તાલિબ ! તમે સારા થઈ ગયા. તમારા પર કોઈ તકલીફ નથી. મેં અલ્લાહ ﷻ થી જે કાંઈ મારા પોતાના માટે માગ્યું તો તમારા માટે પણ એના જેવો સવાલ કર્યો, અને મેં જે કાંઈ ચાહ્યું, રબ ﷻ એ મને અતા કર્યું, પણ મને એ ફર્માવવામાં આવ્યું કે, ''તમારા બાદ કોઈ નબી નથી.'' *(તક્રીબુબ્બગિયહ અહાદીષુલ હિલ્યહ, ૩/૮૨, બાબુન ફી ફઝ્લિ અલી બિન અબી તાલિબ, દારુલ કુતુબુલ ઈલ્મિયહ, બૈરૂત)*

મૌલા અલી رضی اللہ عنہ ફર્માવે છે કે ''હું તે જ વખતે એવો તંદુરસ્ત થઈ ગયો કે જાણે બીમાર જ ન હતો. *(જઝાઉલ્લાહ અદુવ્વહ...... લિલ્ઈમામુલ મુહદ્દિષ અહમદ રઝા ક઼ાદરી, પેજ–૪૬ થી ૪૮, ક઼ાદરી બુક ડેપો, બરેલી)*

**હદીષ–૨૨** : ખતીબ, હઝરત અમીરુલ મો'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થી રાવી (રિવાયત કરે છે) રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, إنّما عليٌّ بمنزلة هارون من موسىٰ إلّا أنّه لا نبيّ بعدي ''અલી એવા છે જેવા કે મૂસાથી હારૂન (કે ભાઈ પણ અને નાયબ પણ) પણ મારા બાદ કોઈ નબી નથી.''

**હદીષ–૨૩** : ઈમામ અહમદ ''મનાકિ઼બે અમીરુલ મો'મિનીને અલી''માં સંક્ષિપ્તમાં, અને બગ્વી તથા તિબ્રાની પોતાની મુઆજીમ(માં), બાવર્દી મઅરિફત(માં), ઈબ્ને અસાકિર તારીખ (તારીખે મદીના દમિશ્ક : ઈબ્ને અસાકિર)માં....સૌ ઝયદ બિન અબી અવફા رضی اللہ عنہ થી હદીષે તવીલ મવાખાતે સહાબામાં રાવી, વ હાઝલ હદીષુ અહમદ. *(ફઝાઈલુસ્સહાબા લિલ્ ઈમામ અહમદ બિન હંબલ, ૨/૬૩૯–૬૩૮)*

જયારે હુઝૂર ﷺ એ સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ દરમિયાનમાં ભાઈચારો કર્યો, તો અમીરુલ મો'મિનીન મૌલા અલી کرم اللہ وجہہ الکریم એ અર્ઝ કરી, મારી જાન નીકળી ગઈ અને પીઠ તૂટી ગઈ એ જોઈને કે હુઝૂરે સહાબીઓ સાથે (એ વર્તાવ) કર્યો જે મારી સાથે ન કર્યો. એ જો મારાથી કોઈ નારાજીના કારણે છે તો હુઝૂરના માટે જ મનાવવું અને ઈજ્જત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

والّذي بعثني بالحق ما أخّرتُك إلّا لنفسي، و أنت مني بمنزلة هارون من موسىٰ، غير أنّه لا نبيّ بعدي.

"કસમ તેની જેણે મને હક્કની સાથે મોકલ્યો ! મેં તમને ખાસ મારા માટે રાખી મૂક્યા છે, તમે મારા સાથે એવા છો જેવી રીતે હારૂન, મૂસાથી, પણ એ કે મારા બાદ કોઈ નબી નથી, તમે મારા ભાઈ તથા વારસ છો.

અમીરુલ મો'મિનીને અર્ઝ કરી, મને હુઝૂરથી શું વારસો મળશે ? ફર્માવ્યું, જે આગલા નબીઓને મળ્યો. અર્ઝ કરી, તેમને શું મઈયો હતો ? ફર્માવ્યું, ખુદાની કિતાબ, અને નબીની સુન્નત. અને તમે મારી સાથે જન્નતમાં મારી સાહબઝાદી સાથે મારા મહેલમાં હશો અને તમે મારા ભાઈ તથા રફીક છો."

**હદીષ-૨૪** : ઈબ્ને અસાકિર બ તરીકે અબ્દુલ્લાહ બિન મુહમ્મદ બિન અકીલ અન અબીહિ અન જદિહી અકીલ બિન અબી તાલિબ رضی اللہ عنہ રિવાયત કરે છે : હુઝૂરે અકદસ ﷺએ હઝરત અકીલ رضی اللہ عنہથી ફર્માવ્યું, ખુદાની કસમ ! હું તમને બે બાજુથી દોસ્ત (પ્રિય) રાખુ છું : એક તો સગાઈ, બીજુ એ કે અબૂ તાલિબને તમારાથી મહોબ્બત હતી. હે જઅફર ! તમારા અખ્લાક મારા અખ્લાકે કરીમાથી મળતા જુલતા છે.

و أمّا أنتَ يا علي، فأنتَ مني بمنزلة هارون من موسىٰ غير أني لا نبيَّ بعدي.

તમે હે અલી ! મારા સાથે એવા છો જેવી રીતે મૂસા, હારૂન સાથે, પણ એ કે મારા બાદ કોઈ નબી નથી. ﷺ (ઉપર મુજબ)

## ત્રીજો પ્રકાર

### ★ અસ્માએ નબવી વિશે હદીષો ★

(૨૫) عن مُحَمَّد بْن جُبَيْرِ بْنِ مُطْعِمٍ عَنْ أَبِيهِ أَنَّ النَّبِىَّ -صلَّى الله عليه وسلم- قَالَ « أَنَا مُحَمَّدٌ وَأَنَا أَحْمَدُ وَأَنَا الْمَاحِى الَّذِى يُمْحَى بِيَ الْكُفْرُ وَأَنَا الْحَاشِرُ الَّذِي يُحْشَرُ النَّاسُ عَلَى عَقِبِي وَأَنَا الْعَاقِبُ». وَالْعَاقِبُ: الَّذِي لَيْسَ بَعْدَهُ نَبِيٌّ.(١)

**હદીષ-૨૫** : મુહમ્મદ બિન જુબેર બિન મુત્ઈમ પોતાના પિતા જુબેર

બિન મુત્ઈમથી રિવાયત કરે છે કે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હું મુહમ્મદ છું, અહમદ છું, માહી છું કે મારા સબબે અલ્લાહ કુફ્રને મિટાવે છે. હું હાશિર છું, મારા કદમોમાં લોકોનો હશ્ર થશે. અને હું આકિબ છું" અને "આકિબ" તે છે જેના બાદ કોઈ નબી ન હોય. *(સહીહ મુસ્લિમ, ૨/૨૬૧, બાબો* QLV : DF. CLﷺ*, મજલિસે બરકાત, અલ જામિઅતુલ અશ્રફિયા, મુબારકપુર)*

"કદમોમાં હશ્ર" થવાનો મતલબ એ છે કે મારા નબુવ્વત તથા રિસાલતના જમાનામાં હશ્ર થશે કે મારા બાદ કોઈ નબી નથી. જેમ કે ઈમામ અબૂ ઝકરિયા મુહયુદ્દીન નવવી શાફઈ رحمۃ اللہ علیہ આ ઈસ્મે પાક (નામ)ની શરહમાં લખે છે :–

(يحشر النّاس على عقبي،و في بعضها: قدمي) قال العُلماء: معناهما: يحشرون على إثري و زمان نبوّتي و رسالتي، و ليس بعدي نبي ، و قيل: يتّبعوني. اهـ[२]

"ઉલમા ફર્માવે છે કે, "કદમોમાં હશ્ર થવાનો" મતલબ એ છે કે મારા બાદ અને મારા નબુવ્વત તથા રિસાલતના જમાનામાં હશ્ર થશે, અને મારા બાદ કોઈ નબી નથી. અને કહેવામાં આવ્યું છે કે એનાથી મુરાદ એ છે કે લોકો મારા પાછળ પાછળ હશે. *(અલ્ મિન્હાજ ફી શરહે સહીહ મુસ્લિમ, ૨/૨૬૧, કિતાબુલ ફઝાઈલ, બાબુન ફી અસ્માઈહી ﷺ, મજલિસે બરકાત, મુબારકપુર)*

(٢٦) عَنْ أَبِي مُوسَى الأَشْعَرِيِّ قَالَ: كَانَ رَسُولُ الله ﷺ يُسَمِّى لَنَا نَفْسَهُ أَسْمَاءً فَقَالَ: «أَنَا مُحَمَّدٌ وَأَحْمَدُ وَالْمُقَفِّى وَالْحَاشِرُ وَنَبِيُّ التَّوْبَةِ وَنَبِيُّ الرَّحْمَةِ».[١]

**હદીષ–૨૬** : હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہનું બયાન છે કે રસૂલુલ્લાહ ﷺએ અમને પોતાનાં નામ બતાવ્યાં, તો આપે ફર્માવ્યું કે હું મુહમ્મદ છું, અહમદ છું, મુકફ્ફી છું. (નબીઓ બાદ આવનાર જેના બાદ કોઈ નબી નથી), હાશિર છું. (મખ્લૂકાત–લોકોને હશ્ર આપનાર) અને નબીયે તૌબા તથા નબીયે રહમત છું. *(સહીહ મુસ્લિમ, ૨/૨૬૧, ઉપર મુજબ)*

## ચોથો પ્રકાર

### ★ બશારતો (ખુશખબરીઓ)ની હદીષો ★

(૨૭) حدثني سَعِيدُ بْنُ الْمُسَيَّبِ أَنَّ أَبَا هُرَيْرَةَ قَالَ سَمِعْتُ رَسُولَ الله صلى الله عليه وسلم يَقُولُ: «لَمْ يَبْقَ مِنَ النُّبُوَّةِ إِلَّا الْمُبَشِّرَاتُ». قَالُوا: وَمَا الْمُبَشِّرَاتُ قَالَ « الرُّؤْيَا الصَّالِحَةُ ».(٢)

**હદીષ-૨૭** : હઝરત સઈદ બિન મુસૈયિબનું બયાન છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને આ ફર્માવતાં સાંભળ્યા કે "નબુવ્વતથી બાકી નથી પણ મુબશ્શરાત (બશારતો)." સહાબાએ અર્ઝ કરી, હુઝૂર ! એ મુબશ્શરાત શું છે ? તો આપે ફર્માવ્યું, "સારા ખ્વાબ." *(સહીહુલ બુખારી, ૨/૧૦૩૫, કિતાબુત્તા'બીર, બાબુલ મુબશ્શરાત, મજલિસે બરકાત)*

"સારા ખ્વાબ"ને નબુવ્વતના ૪૬ ભાગોમાંથી એક ભાગ કહેવામાં આવે છે. આ હદીષે પાકમાં એના પ્રતિ નિર્દેશ છે.

નબીની પાસે અલ્લાહ ﷻની તરફથી જે ઝરીયાઓથી વહી આવે છે એમાંનો એક ઝરીયો "નબીનો ખ્વાબ" પણ હોય છે. જેથી હદીષે નબવીનો મતલબ એ છે કે મારા વિસાલની સાથે વહીનો ક્રમ ખત્મ થઈ જશે, કેમ કે મારા બાદ કોઈ નવો નબી આવશે નહીં. હા ! વહીનો એક ઝરીયો "સારો ખ્વાબ" બાકી રહેશે, જેના થકી સાલેહીનને બશારત મળતી રહેશે. એનો ઉલ્લેખ આ હદીષમાં છે :–

(૨૮) عَنْ أَنَسِ بْنِ مَالِكٍ أَنَّ رَسُولَ الله -صلَّى الله عليه وسلَّمَ- قَالَ: «الرُّؤْيَا الْحَسَنَةُ مِنَ الرَّجُلِ الصَّالِحِ جُزْءٌ مِنْ سِتَّةٍ وَأَرْبَعِينَ جُزْءًا مِنَ النُّبُوَّةِ »(١)

**હદીષ-૨૮** : હઝરત અનસ ઈબ્ને માલિક رضي الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, નેક માણસનો સારો ખ્વાબ નબુવ્વતના ૪૬ ભાગોમાંથી એક ભાગ છે.

"નબુવ્વત" કોઈ એવી ચીજ નથી જે કોઈ ભાગોથી મુરક્કબ (ભાગોના

મિશ્રણથી) બનેલી હોય. એટલા માટે એનાથી મુરાદ એ છે કે નબી ભવિષ્યની ખબરો આપે છે, અને સારા ખ્વાબ થકી પણ ભવિષ્યમાં ઉપસ્થિત થનાર બાબતોનો નિર્દેશ આપવામાં આવે છે. તો આ મુનાસિબતથી જાણે તે નબુવ્વતના ભાગોથી છે.

તેમજ નબીનો ખ્વાબ અલ્લાહની વહી તથા શરઈ દલીલ હોય છે, અને સાલેહ મો'મિનનો સારો ખ્વાબ ભલે શરઈ દલીલ ન બને તેમ છતાં ભાવિની ખબર તથા બશારત હોય છે. ''સારા ખ્વાબ''ને ''ખ્વાબની વહી'' સાથે એક જાતનું મળતાપણુ છે કે હક્ક઼ આ પણ છે અને હક્ક઼ તે પણ છે. એટલા માટે તેને નબુવ્વતના ભાગોથી ગણવામાં આવ્યો.

નબીનો દરેક ખ્વાબ હક્ક઼ હોય છે, પણ મો'મિન બંદાનો દરેક ખ્વાબ હક્ક઼ નથી હોતો, કેમ કે તે ઘણા બધા ખ્વાબ એવા જુએ છે જેની કોઈ તાબીર નથી હોતી. જેથી મો'મિનના ભાવિની વાત દર્શાવતા તથા બશારતવાળા ખ્વાબ પોતાની તાબીરની સરખામણીના લેહાઝથી ''વહીના ખ્વાબ''ના ૪૬ મા હિસ્સામાં છે.

બલ્કે બીજી હદીષોથી માલૂમ પડે છે કે આ સરખામણીમાં વધઘટ પણ થયા કરે છે જેનો સબબ ખ્વાબ જોનાર બંદાના નેકીપણા તથા તક઼વાની વધ ઘટ હોય શકે છે. અથવા સરકાર ﷺની જે પણ મુરાદ હોય.

અમારો હેતુ આ શરહ તથા વર્ણનથી એ છે કે, ''ખ્વાબે હસન'' ''સારો ખ્વાબ'' હક઼ીક઼તમાં નબુવ્વતનો કોઈ ભાગ નથી, બલ્કે એ નબી માટે વહીનો એક ઝરીયો હોય છે અને એનાથી અનેકગણા મળતાપણાના કારણે મો'મિનના ''સારા ખ્વાબ''ને ભાગથી તાબીર કરી દેવામાં આવ્યો. જેથી لَمْ يَبْقَ مِنَ النُّبُوَّةِથી મુરાદ એ છે કે, ''મારી વફ઼ાત પછી નબુવ્વતની વહીથી કાંઈ બાકી ન રહેશે.'' કેમ કે મારા બાદ નબી હોવાનો ક્રમ ખત્મ થઈ જશે. જેમ કે હઝરત અનસ ઈબ્ને માલિક, હઝરત ઉમ્મે કુરઝ અને હઝરત હુઝૈફા બિન અસીદ رضوان الله تعالى عليهم اجمعينની હદીષો એના માટે ખૂબ ઉઘાડી રીતે દલીલ પૂરી પાડે છે.

(٢٩) حَدَّثَنَا الْمُخْتَارُ بْنُ فُلْفُلٍ حَدَّثَنَا أَنَسُ بْنُ مَالِكٍ قَالَ: قَالَ رَسُولُ اللهِ -صلى الله عليه وسلم-: «إِنَّ الرِّسَالَةَ وَالنُّبُوَّةَ قَدِ انْقَطَعَتْ فَلاَ رَسُولَ بَعْدِي وَلاَ نَبِيَّ ». قَالَ فَشَقَّ ذَلِكَ عَلَى النَّاسِ فَقَالَ: «لَكِنِ الْمُبَشِّرَاتُ». قَالُوا: يَا رَسُولَ اللهِ، وَمَا الْمُبَشِّرَاتُ؟

قَالَ « رُؤْيَا الْمُسْلِمِ، وَهِيَ جُزْءٌ مِنْ أَجْزَاءِ النُّبُوَّةِ ».

وَفِي الْبَابِ عَنْ أَبِي هُرَيْرَةَ وَحُذَيْفَةَ بْنِ أَسِيدٍ وَابْنِ عَبَّاسٍ وَأُمِّ كُرْزٍ. قَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ غَرِيبٌ مِنْ هَذَا الْوَجْهِ مِنْ حَدِيثِ الْمُخْتَارِ بْنِ فُلْفُلٍ.(١)

**હદીષ–૨૯** : મુખ્તાર ઈબ્ને ફુલફુલ કહે છે કે હઝરત અનસ ઈબ્ને માલિકે અમને એ હદીષ વર્ણન કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, નબુવ્વત તથા રિસાલત ખત્મ થઈ ગઈ, મારા બાદ ન કોઈ રસૂલ છે ન કોઈ નબી.

હઝરત અનસ કહે છે કે એ વાત લોકો પર કઠિન ગુજરી તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, 'હા ! મુબશ્શિરાત (બશારતો) બાકી છે.'' સહાબાએ પૂછયું, યા રસૂલલ્લાહ ! મુબશ્શિરાત શું છે ? તો આપે ફર્માવ્યું કે એ મુસલમાનનો ખ્વાબ છે જે નબુવ્વતના ભાગોમાંથી એક ભાગ છે.

આ પ્રકરણમાં હઝરત અબૂ હુરૈરહ્, હઝરત હુઝૈફા બિન અસીદ, ઈબ્ને અબ્બાસ તથા ઉમમે કુરઝ رضوان الله تعالى عليهم اجمعين થી પણ હદીષો રિવાયત પામેલી છે અને આ હદીષ સહીહ છે અને મુખ્તાર બિન ફુલફુલના તરીકાથી ગરીબ છે. *(જામેઅ તિર્મિઝી, ૨/૫૧, અબ્વાબુર્રુઅયા઼ અિન રસૂલુલ્લાહ ﷺ)*

**હદીષ–૩૦** : હઝરત ઉમ્મે કુરઝ رضی اللہ عنہا ની હદીષના શબ્દો આ પ્રમાણે છે : سَمِعتُ رَسولَ الله ﷺ يقول: ذهَبَتِ النبوّةُ و بَقِيَتِ المُبَشِّراتُ.(٢) ''મેં રસૂલુલ્લાહ ﷺને આ ફર્માવતાં સાંભળ્યા કે નબુવ્વત ચાલી ગઈ અને મુબશ્શિરાત બાકી રહી ગઈ.'' *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૪૧૯, કિતાબુત્તાબીર, વર્રુઅ્યા...........તથા સહીહ ઈબ્ને હબ્બાન, ૧૩/૪૧૧, કિતાબુર્રુઅ્યા, બૈરૂત)*

**હદીષ-૩૧** : અને હઝરત હુઝૈફા ઈબ્ને અસીદ رضی اللہ عنہની હદીષના શબ્દો આ પ્રમાણે છે :–

قالَ رسولُ الله صلى الله تعالى عليه وسلم: ذَهَبَتِ النبوّة ، فلا نبوّةَ بعدي إلّا المُبَشِّرات .[1]

"રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે નબુવ્વત ચાલી ગઈ, તો મારા બાદ બીજાના માટે કોઈ નબુવ્વત નથી. હા ! મુબશ્શિરાત (સાચા ખ્વાબ) બાકી છે.

*(અલ્મોઅજમુલ કબીર લિલ્તબરાની, ૩/૨૦૦, હદીષ નં. ૩૦૫૧, કાહિરા)*

આ મુબારક હદીષો ન્યાયી સાક્ષી છે કે હુઝૂર સૈયદે કાઈનાત ﷺના પછી નબુવ્વત તથા રિસાલતનો ક્રમ ખત્મ થઈ ગયો, જેથી હુઝૂર પછી ન કોઈને નબુવ્વત કે રિસાલત મળશે, ન કોઈ નવો નબી કે રસૂલ જાહેર થશે.

## પાંચમો પ્રકાર

### ★ ખત્મે નબુવ્વતના દૃષ્ટાંત દર્શાવતી હદીષો ★

હુઝૂર સૈયદે કાઈનાત ﷺએ "ખત્મે નબુવ્વત"ના ભાવાર્થને એક દિલનશીં દૃષ્ટાંત થકી સમજાવેલ છે જેનાથી મામૂલી સમજવાળો માણસ પણ સમજી શકે છે કે હુઝૂર આખરી નબી છે, આપના બાદ કોઈને નબુવ્વતથી સરફરાઝ કરવામાં નહીં આવે.

(٣٢) عَنْ أَبِى هُرَيْرَةَ -رضى الله عنه- أَنَّ رَسُولَ الله -صلَّى الله تعالى عليه وسلَّم- قَالَ: «إِنَّ مَثَلِي وَمَثَلَ الأَنْبِيَاءِ مِنْ قَبْلِي كَمَثَلِ رَجُلٍ بَنَى بَيْتًا فَأَحْسَنَهُ وَأَجْمَلَهُ، إِلاَّ مَوْضِعَ لَبِنَةٍ مِنْ زَاوِيَةٍ ، فَجَعَلَ النَّاسُ يَطُوفُونَ بِهِ وَيَعْجَبُونَ لَهُ ، وَيَقُولُونَ: هَلاَّ وُضِعَتْ هَذِهِ اللَّبِنَةُ، ● قَالَ: فَأَنَا اللَّبِنَةُ ، وَأَنَا خَاتَمُ النَّبِيِّينَ ».[2]

**હદીષ-૩૨** : "હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મારું અને પહેલાંના નબીઓનું દૃષ્ટાંત એ શખ્સની જેમ છે જેણે કોઈ સારુ અને ખૂબસૂરત ઘર બાંધ્યું પણ કોઈ ખૂણામાં એક ઈંટની જગા ખાલી રાખી. લોકો એ ઈમારતને જોવા માટે એની આસપાસ ચક્કર લગાડતા અને

તેની ખૂબસૂરતી પર આશ્ચર્ય કરતા અને એવું કહેતા કે આ જગાએ ઈંટ કેમ રાખવામાં નથી આવી !

હુઝૂર ﷺ ફર્માવે છે કે, "તે આખરી ઈંટ હું છું, અને હું ખાતમન્નબિય્યીન છું." *(અલ સહીહુલ બુખારી, ૧/૫૦૧, કિતાબુલ મનાકિબ, બાબુ ખાતમન્નબિય્યીન, સહીહુલ મુસ્લિમ, ૨/૨૪૮, કિતાબુલ ફઝાઈલ, .................મુબારકપુર)*

٣٣ عن أبی سعید، قال:قال رسولُ الله ﷺ: مَثَلي و مَثَلُ النَّبيين كمثلِ رجلٍ بنىٰ دارًا فَأَتَمَّها، إلّا لَبِنةً وَاحِدة، فَجِئتُ أنا، و أتمَمْتُ تلك اللَّبْنَة.[1]

**હદીષ-૩૩** : હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺ એ ફર્માવ્યું, મારી તથા તમામ નબીઓનું દષ્ટાંત એ શખ્સની જેમ છે જેણે કોઈ ઘર બનાવ્યું તો એક ઈંટની જગા છોડીને સર્વ કાંઈ સંપૂર્ણ કરી આપ્યું. પછી હું આવ્યો તો મેં નબુવ્વતની ઈમારતને તે ઈંટ ભરી આપી. *(અલ સહીહુલ મુસ્લિમ, ૨/૨૪૮, કિતાબુલ ફઝાઈલ, ...........મુબારકપુર)*

٣٤ عَنْ جَابِرٍ عَنِ النَّبِيِّ -صلى الله عليه وسلم- قَالَ: «مَثَلِي وَمَثَلُ الأَنْبِيَاءِ كَمَثَلِ رَجُلٍ بَنَى دَارًا فَأَتَمَّهَا وَأَكْمَلَهَا إِلَّا مَوْضِعَ لَبِنَةٍ فَجَعَلَ النَّاسُ يَدْخُلُونَهَا وَيَتَعَجَّبُونَ مِنْهَا وَيَقُولُونَ: لَوْلَا مَوْضِعُ اللَّبِنَةِ». قَالَ رَسُولُ اللهِ - صلى الله عليه وسلم-: «فَأَنَا مَوْضِعُ اللَّبِنَةِ جِئْتُ فَخَتَمْتُ الأَنْبِيَاءَ».[2]

**હદીષ-૩૪** : હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે મારું તથા નબીઓનું દષ્ટાંત એના જેવું છે, જેણે કોઈ મહેલ બંધાવ્યો અને એક ઈંટની જગાના સિવાય તેને સંપૂર્ણ દુરુસ્ત તથા સજાવી આપ્યો અને લોકો તેને જોવા માટે તેમાં જવા લાગ્યા તથા તેની ખૂબસૂરતી પર આશ્ચર્ય કરવા લાગ્યા. તેમજ એ આશ્ચર્ય સાથે કહેવા લાગ્યા કે કાશ ! એક ઈંટની જગા ખાલી ન હોત. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે એ (આખરી) ઈંટની જગા હું છું. તો મારા પર અંબિયા علیہ السلام નો ક્રમ પૂર્ણ થયો. *(હવાલો : ઉપર મુજબ)*

٣٥ عَنِ الطُّفَيْلِ بْنِ أُبَيِّ بْنِ كَعْبٍ عَنْ أَبِيهِ أَنَّ رَسُولَ الله ﷺ قَالَ: «مَثَلِي

فِي النَّبِيِّينَ كَمَثَلِ رَجُلٍ بَنَى دَارًا فَأَحْسَنَهَا وَأَكْمَلَهَا وَأَجْمَلَهَا وَتَرَكَ مِنْهَا مَوْضِعَ لَبِنَةٍ لم يضعها، فَجَعَلَ النَّاسُ يَطُوفُونَ بِالْبِنَاءِ وَيَعْجَبُونَ مِنْهُ وَيَقُولُونَ : لَوْ تَمَّ مَوْضِعُ تِلْكَ اللَّبِنَةِ فَأَنَا فِي النَّبِيِّينَ مَوْضِعُ تِلْكَ اللَّبِنَةِ ».(١)

**હદીષ-૩૫** : હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે નબીઓમાં મારું દષ્ટાંત એ શખ્સની જેમ છે જેણે કોઈ મહેલ સારો (નક્શા તથા મજબૂતી વગેરે લેહાઝથી) અને કામિલ અને ખૂબસૂરત બનાવ્યો. અને એક ઈંટની જગા છોડી આપી જે ન લગાડી તો લોકો એ ઈમારતને દરેક રીતે જોતા અને તેના સારા બાંધકામ તથા ખૂબસૂરતી પર આશ્ચર્ય કરતા અને તમન્ના પ્રદર્શિત કરતા કે કાશ ! આ એક ઈંટની જગા પૂરી થઈ જતી. તો અંબિયામાં એ એક ઈંટની જગા હું છું." *(જામેઅ તિર્મિઝી, ૨/૨૦૧, અબ્વાબુલ મનાક઼િબ, મજલિસે બરકાત, મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, પેજ: ૧૫૬૧)*

ઈમામ અબૂ ઈસા તિર્મિઝી رضی اللہ عنہએ આ હદીષને તખરીજ કરીને એ જાહેર કર્યું છે કે, هٰذا احديث حسنٌ، صحيح، غريب "આ હદીષ હસન, સહીહ, ગરીબ છે." *(જામિઉત્તિર્મિઝી, ૨/૨૦૧, અબ્વાબુલ મનાક઼િબ, મજલિસે બરકાત-મુબારકપુર)*

આ હદીષોમાં હાદીયે આલમ હુઝૂર નબીયે અકરમ ﷺએ એક ખૂબ જ સ્પષ્ટ અને મહેસૂસ દષ્ટાંત આપીને દરેક આમ તથા ખાસ પર એ રોશન કરી આપ્યું કે આપ સર્વ નબીઓ અને રસૂલોમાં સૌથી અંતિમ નબી તથા રસૂલ છે.

જેવી રીતે કોઈ શાનદાર મહેલમાં એક ઈંટની જગા ખાલી છોડી આપવામાં આવી હોય, જ્યારે એ જગામાં તે ઈંટ ચણી દેવામાં આવે તો તે મહેલ સંપૂર્ણ થઈ જાય છે અને એમાં કોઈ અન્ય ઊંટ રાખવું શક્ય નથી હોતુ, કે જે કાંઈ શક્ય હતું તે એ આખરી ઈંટે પૂર્ણ કરી આપ્યું.

એ જ પ્રમાણે હઝરત આદમ علیہ السلامથી હઝરત ઈસા علیہ السلام અને હુઝૂર સૈયદે કાઈનાત જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺનો હાલ છે કે હઝરત ઈસા علیہ السلامના ઝહૂર સુધી નબુવ્વતના અઝીમુશ્શાન મહેલમાં એક નબીની જગા ખાલી

રહી ગઈ હતી જેને રસૂલોના સરદાર અને નબીઓના તાજદાર મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના ઝહૂરે કુદસીથી પૂર્ણ થઈ ગઈ અને તે અઝીમુશ્શાન મહેલ પોતાની તમામે તમામ ખૂબીઓની સાથે સંપૂર્ણ થઈ ગયો.

નબી કરીમ ﷺએ આ દષ્ટાંતથી એ સમજાવ્યું છે કે જેવી રીતે એ જાહેર મહેલમાં આખરી ઈંટ ભરી આપ્યા બાદ ત્યાં કોઈ અન્ય ઈંટ રાખવી શક્ય નથી રહી જતી, એવી જ રીતે નબીઓ તથા રસૂલોના આ મહેલમાં સરકારે દો આલમ ﷺના ઝહૂર કુદસી (પવિત્ર ઝહૂર) પછી કોઈ અન્ય નબીનું આવવું શક્ય ન રહ્યું.

## છઠ્ઠો પ્રકાર

### ★ અંબિયા તથા રસૂલના ખલીફાઓની આગેવાની ★

٣٦ عَنْ فُرَاتٍ الْقَزَّازِ قَالَ: سَمِعْتُ أَبَا حَازِمٍ قَالَ: قَاعَدْتُ أَبَا هُرَيْرَةَ خَمْسَ سِنِينَ، فَسَمِعْتُهُ يُحَدِّثُ عَنِ النَّبِيِّ – صلى الله عليه وسلّم – قَالَ: « كَانَتْ بَنُو إِسْرَائِيلَ تَسُوسُهُمُ الأَنْبِيَاءُ، كُلَّمَا هَلَكَ نَبِيٌّ خَلَفَهُ نَبِيٌّ، وَإِنَّهُ لاَ نَبِيَّ بَعْدِي، وَسَيَكُونُ خُلَفَاءُ فَيَكْثُرُونَ. قَالُوا: فَمَا تَأْمُرُنَا يا رسولَ الله، قَالَ: فُوا بِبَيْعَةِ الأَوَّلِ فَالأَوَّلِ، أَعْطُوهُمْ حَقَّهُمْ، فَإِنَّ اللهَ سَائِلُهُمْ عَمَّا اسْتَرْعَاهُمْ ».(1)

**હદીષ-૩૬** : ફુરાત કઝ્ઝાઝથી રિવાયત છે કે મેં અબૂ હાઝિમનો આ ઈર્શાદ સાંભળ્યો કે હું હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની સોહબતમાં પાંચ સાલ રહ્યો. એ દરમિયાનમાં મેં તેમનાથી આ હદીષ સાંભળી કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે, "બની ઈસ્રાઈલ કૌમની સરદારી નબીઓ કરતા હતા. જ્યારે પણ કોઈ નબી પર્દો કરતા તો તેમના બાદ બીજા નબી આવી જતા." અને "બેશક ! મારા બાદ કોઈ નબી નથી." (મારા બાદ) મારા ખૂબ જ અધિક ખલીફા થશે.

સહાબાએ પૂછ્યું કે યા રસૂલલ્લાહ ! એમના બારામાં આપ અમને શો હુકમ આપો છો ? તો આપે આદેશ આપ્યો કે એક પછી એક દરેક પ્રથમ ખલીફાથી બયઅત કરો અને તેમનો હક્ક અદા કરો. અલ્લાહ તઆલા તેમનાથી

તેમની પ્રજાના બારામાં પૂછશે. *(સહીહુલ બુખારી, ૧/૪૯૧, કિતાબુલ અંબિયા, બાબ : મા ઝકર અન બની ઈસ્રાઈલ, મજલિસે બરકાત, અલ જામિઅતુલ અશ્રફિયા, મુબારકપુર)*

આ હદીષમાં હુઝૂર સૈયદે આલમ ﷺએ ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં એ વર્ણવી આપ્યું કે પહેલાંના નબીઓમાં જ્યારે કોઈ નબી દુનિયાથી તશરીફ લઈ જતા તો તેમના બાદ બીજા નબી તશરીફ લાવતા, પણ મારા બાદ કોઈ નબી નહીં આવે. મારી જાનશીનીનુ કામ મારા ખલીફાઓ અંજામ આપશે.

જ્યારે હુઝૂર સૈયદુલ અંબિયા ﷺએ સાફ સાફ ફર્માવી આપ્યું : لا نبيَّ بعدي "મારા બાદ કોઈ નબી નથી." તો એ કહેવું કે આપના પછી નબી આવી શકે છે એ જરૂર નબવી હદીષોથી વિમુખ થવું (ઈન્હેરાફ) છે."

## સાતમો પ્રકાર

### ★ હુઝૂર ﷺના ઝહૂર બાદ નબુવ્વતનું નિષેધ હોવું ★

(૩૭) حدَّثَنَا إِسْمَاعِيلُ، قُلْتُ لِابْنِ أَبِي أَوْفَى: رَأَيْتَ إِبْرَاهِيمَ ابْنَ النَّبِيِّ – صلَّى الله عليه وسلم –؟ قَالَ: مَاتَ صَغِيرًا ، وَلَوْ قُضِيَ أَنْ يَكُونَ بَعْدَ مُحَمَّدٍ – صلَّى الله عليه وسلم – نَبِيٌّ عَاشَ ابْنُهُ ، وَلَكِنْ لاَ نَبِيَّ بَعْدَهُ .(١)

**હદીષ–૩૭** : હઝરત ઈસ્માઈલ બિન અબૂ ખાલિદ કહે છે કે મેં હઝરત અબૂ અવફા رضی اللہ عنہને પૂછયું, શું આપે નબી કરીમ ﷺના સાહબઝાદા હઝરત ઈબ્રાહીમને જોયા હતા ? તેમણે ફર્માવ્યું કે તે બચપનમાં મૃત્યુ પામી ગયા, અને જો મુહમ્મદના પછી નબી હોવું મુકદ્દર હોત તો હુઝૂરના સાહબઝાદા હઝરત ઈબ્રાહીમ ઝિંદા રહેત, પરંતુ હુઝૂર બાદ કોઈ નબી નથી. *(સહીહુલ બુખારી, ૨/૯૧૪, કિતાબુલ અદબ, બાબો ઈસ્મુલ હઝ્ન, મજલિસે બરકાત)*

આ ૩૭ હદીષો છે, પરંતુ એ આ વિષયની સર્વ હદીષો નથી.

મુહદ્દિષે જલીલ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ "જઝાઉલ્લાહિ અદુવ્વહૂ બિ ઈબાઈહી ખતમન્નબુવ્વતિ"માં "એકસો એક" હદીષો જમા કરી છે અને તજઈલાત (સંદર્ભમાં આવતી)ની સાથે તો એમની

અસંખ્યા "એકસો અઢાર" સુધી પહોંચી જાય છે. એમાં મરફૂઅ હદીષોની સંખ્યા (૯૦) છે અને તેના રાવી સહાબા તથા તાબઈનની સંખ્યા "ઈકોતેર" (૭૧) જેમાં તાબઈન કેવળ અગીયાર છે, બાકીના સાઈઠ હઝરાત સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે.

ઉપરોક્ત દર્શાવેલ કિતાબ "જઝાઉલ્લાહિ અદુવ્વહૂ બિ ઈબાઈહી ખતમન્નબુવ્વતિ"માં ખત્મે નબુવ્વતની હદીષોના રાવી તાબઈન તથા સહાબીઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની યાદી પણ રજૂ કરવામાં આવે છે, તે યાદીને તમો પણ જોઈ લો :

## ★ સહાબા તથા તાબઈનમાં કેવળ ૧૧ તાબઈ છે ★

(૧) ઈમામે અજલ મુહમ્મદ બાકિ઼ર (૨) અબ્દુલ્લાહ ઈબ્ને અબીબ હઝીલ (૩) મુજાહિદ મક્કી (૪) સઅદ બિન ષાબિત (૫) અલામ બિન ઝિયાદ (૬) મુહમ્મદ બિન કઅબ કર્ઝી (૭) ઈબ્ને શહાબ ઝુહરી (૮) અબૂ કિ઼લાબા (૯) વહબ બિન મુનબ્બહ (૧૦) આમિર શઅબી (૧૧) કઅબ અહ઼બાર. رضوان اللہ تعالیٰ علیہم اجمعین

**એકાવન સહાબાએ કિરામ :** (૧૨) ઉબય ઈબ્ને કઅબ (૧૩) બરાઅ ઈબ્ને આઝિબ (૧૪) જાબિર બિન અબ્દુલ્લાહ (૧૫) હુઝૈફા બિન યમાત (૧૬) ઈબ્ને ઝમલ (૧૭) સઅદ બિન અબી વક્કાસ (૧૮) સહબ બિન સઅદ (૧૯) અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (૨૦) અરબાઝ ઈબ્ને સારિયા (૨૧) અમીરુલ મો'મિનીન અલી (૨૨) ઉમ્મે કુરઝ (૨૩) મઆઝ ઈબ્ને જબલ (૨૪) અબૂ મુન્ઝૂર (૨૫) અબૂ ઉમામા બાહિલી (૨૬) બિલાલ મોઅઝ્ઝિન (૨૭) જુબેર ઈબ્ને મુત્ઈમ (૨૮) હસ્સાન બિન ષાબિત (૨૯) ઝિયાદ ઈબ્ને લબીદ (૩૦) સઈદ ઈબ્ને ઝયદ (૩૧) ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા (૩૨) અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (૩૩) અસ્મહ બિન માલિક (૩૪) અમીરુલ મો'મિનીન ઉમર (૩૫) માલિક બિન હુવૈરિષ (૩૬) અમીર મુઆવિયહ (૩૭) અબૂ મૂસા અશ્અરી (૩૮) અનસ બિન માલિક (૩૯) ષૌબાન મૌલા રસૂલુલ્લાહ ﷺ (૪૦) હુબ્શી બિન જનાદા (૪૧) હુવૈસ઼ા બિન મસ઼ઊદ (૪૨) ઝયદ બિન અરકમ (૪૩) અબૂ સઈદ ખુદરી (૪૪) અબૂત્તુફૈલ આમિર બિન રબીઆ (૪૫) ઉક઼બા બિન આમિર

(૪૬) ઔફ બિન માલિક (૪૭) ઔફ બિન માલિક અશ્જઈ (૪૮) માલિક બિન સનાન વાલિદે અબી સઈદ ખુદરી (૪૯) મુગીરા બિન શઅ્બા (૫૦) અબૂ હુરૈરહ્ (૫૧) અસ્બા બિન્તે અમીસ (૫૨) જાબિર બિન સમુરહ (૫૩) હુઝૈફા બિન અસીદ (૫૪) અબૂઝર (૫૫) ઝયદ બિન અબી ઔફા (૫૬) સલ્માન ફારસી (૫૭) આમિર બિન રબીઆ (૫૮) અદી બિન રબીઆ (૫૯) અક઼ીલ ઈબ્ને અબી તાલિબ (૬૦) ઉમ્મુલ મો'મિનીન સિદીક઼ા (૬૧) મુહમ્મદ બિન અદી બિન રબીઅ઼ા (૬૨) ઈબ્ને ઉમ્મે મક્તૂમ رضوان اللہ تعالیٰ علیہم اجمعین.

## ★ તઝઈચ્યાતમાં ★

**નવ સહાબી :** (૬૩) હાતિબ બિન અબી ઔફા (૬૪) અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ (૬૫) હિશામ બિન આસ (૬૬) અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા (૬૭) ઓબાદા બિન સામિત (૬૮) અબ્દુલ્લાહ બિન ઝુબેર (૬૯) ઓબૈદ બિન અમ્ર લૈષી (૭૦) અબ્દુલ્લાહ ઈબ્ને સલામ (૭૧) નઈમ બિન મસઊદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین.

કિતાબ ''જઝાઉલ્લાહિ અદુવ્વહુ બિઈબાઈહી ખતમન્નબુવ્વતિ'', પેજ : ૭૮, ૭૯, ક઼ાદરી બુક ડેપો બરેલી, આ કિતાબ ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૨૨, મતબૂઆ : ઈમામ અહમદ રઝા એકેડમી, બરેલી શરીફમાં પ્રસિદ્ધિ પામેલ છે.

આ વિસ્તારપૂર્વક વિગત ન્યાયી સાક્ષી છે કે આ હદીષો મુતવાતિર છે. શબ્દો તથા બનાવો ભલે વિવિધ છે પણ આ સૌ આ વિષય પર ક઼તઈ તથા યક઼ીની તૌર પર દલીલ પૂરી પાડે છે કે **સૈયદુલ મુરસલીન ﷺ ''ખાતમન નબિય્યીન'' છે. આપના બાદ કોઈ નબી પેદા નહીં થાય, જેથી જો કોઈ આપના બાદ નબુવ્વતનો દાવો કરે છે તો તે દજ્જાલ તથા કઝ્ઝાબ છે.**

**આ જ તે નુસૂસે મુતવાતિરા (સ્પષ્ટ દલીલો જે તવાતુર સાથે ચાલી આવતી હોય) છે જેના આધાર પર સલફ તથા ખલફ (આગલા તથા પાછલા) બુઝુર્ગોનો ક઼તઈ ઈજમાઅ નિશ્ચિત થઈ ગયો કે હુઝૂર પુરનૂર શાફએ યૌમુન્નશૂર** رضی اللہ عنہ**ના બાદ કોઈ નવો નબી આવવો અશક્ય તથા**

**મુહાલ છે, નહીં તો અલ્લાહ** عزوجل تعالٰی **નું જૂઠ હોવું લાઝિમ ઠરશે, અને એ અશક્ય છે.** જેવું આગલા પ્રકરણમાં અને વિગતવાર સ્પષ્ટ કરી દેવામાં આવ્યું.

એક બાજુ આ ખૂબ જ પ્રમાણમાં, મુતવાતિરા હદીષો છે જે વારંવાર એલાન કરી રહી છે કે હુઝૂર શાફ્એ યૌમુન્નુશૂર ﷺ આખરી નબી છે. આપના બાદ કોઈ નવો નબી નથી આવી શકતો. અને એની બીજી બાજુ વહાબી ફિર્કાનો ઈમામ ''તક્વિયતુલ ઈમાન''ના હેઠળ આવુ એલાન કરી રહ્યો છે કે : ''હુઝૂરના બાદ પણ નબી આવી શકે છે, અને એક નહીં બલ્કે કરોડો નબી આવી શકે છે.''

જેથી આ ખૂબ જ અધિક પ્રમાણમાં આવેલી હદીષો, ખાસ કરીને સહીહ હદીષોથી ઉઘાડી રીતે વિમુખ થવું (ભાગવું) છે.

અને સહાબાએ કિરામ, તાબઈને એઝામ, ઈસ્લામના ફકીહો, અવલિયાએ કિરામ, અને બાદના સાલેહીન અને આમ ઉમ્મતના માર્ગથી અલગ માર્ગ કાઢવું છે જે વિના શંકાએ وَيَتَّبِعْ غَيْرَ سَبِيْلِ الْمُؤْمِنِيْنَ (મુસલમાનોની રાહથી અલગ ચાલે. –સૂરએ નિસાઅ, ૪/૧૧૫)ને સમર્થન કરે છે. એને ધ્યાનમાં રાખીને દરેક બુદ્ધિશાળી ફેંસલો કરી શકે છે કે હક્ક્ શું છે અને બાતિલ શું છે ?

અલ્લાહ તઆલા તે નામ પૂરતા મુહદ્દિષોને હદીષોની સમજની સઆદત અને હક્ક્ સ્વીકારવાની તૌફીક્ બખ્શે અને મુસલમાનોને ઉમ્મતના માર્ગે ચાલવાની અડગતા નસીબ કરે. *(હવાલો : અહાદીષે સહીહૈનસે ગૈર મુક્લ્લિદીન કા ઈન્હેરાફ, જિલ્દ : ૧, અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી–મુબારકપુર)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

**ત્રીજો મસ્અલો**

## ઈમ્તિનાએ નઝીર એટલે

# હુઝૂર ﷺના જેવા પેદા થવું અશક્ય છે

### ★ 'હુઝૂર ﷺના જેવા પેદા થવું અશક્ય' એ અક઼ીદાની સ્પષ્ટતા તથા ઈસ્લામમમાં એનું મહત્વ ★

સૈયદુલ અંબિયા ખાતમુલ મુરસલીન ﷺની નઝીર (ના જેવા) પેદા થવું મુહાલ (અશક્ય) છે. કેમ કે હુઝૂર ﷺ સર્વ નબીઓ અને રસૂલોમાં આખરી નબી તથા આખરી રસૂલ છે. આપના બાદ કોઈને નબુવ્વત મળવી અશક્ય છે, તો પછી આપના જેવા કોઈ અન્યનું થવું પણ અશક્ય છે. અને સર્વ સિફતો (ખૂબીઓ) તથા કમાલોમાં કોઈનું આપના સમાન હોવું મુહાલ બિઝ્ઝાત (સ્વભાવિકપણે અશક્ય) છે. કેમ કે સર્વ ખૂબીઓ તથા કમાલોમાં આખરી નબી પણ હોય અને આ ખૂબી હુઝૂર ﷺ માટે ખાસ છે, જેવું કે કુર્આને હકીમની આયતે કરીમા, મુતવાતિર હદીષો અને ઉમ્મતના ઈજમાઅથી પાછલા પેજોમાં એને સાબિત કરવામાં આવી ચૂક્યું છે.

એનાથી વિરુદ્ધ જઈને વહાબીઓના ઈમામ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતાના મઝહબનો અક઼ીદો આ પ્રમાણે વર્ણવે છે. ***"એ શહેનશાહ (અલ્લાહ)ની તો એ શાન કે એક પળમાં એક "કુન" હુકમ થકી ચાહે તો કરોડો નબી અને વલી અને જિન તથા ફરિશ્તા જિબ્રઈલ અને મુહમ્મદ ﷺની સમાન (બરાબર) પેદા કરી આપે."*** *(તક઼વિયતુલ ઈમાન, પેજ-૨૯)*

નિઃશંક ! અલ્લાહ તઆલાએ પોતાની કામિલ કુદરત વડે કરોડો કરોડ માણસો પેદા કર્યા અને જ્યારે ચાહે એક ક્ષણમાં કરોડો શું અસંખ્ય માણસો એક "કુન" હુકમ થકી પેદા ફર્માવી આપે. આજે પણ અસંખ્ય માણસોનું વજૂદ એના જ "કુન" હુકમનો એક અદના સરખો મન્ઝર છે. એમાં કોઈ મુસલમાનને શો વાંધો હોય શકે ?!

પરંતુ તે ઝાતે કુદસી સિફાત જેને ખુદાએ કાદિર વ તવાનાએ (રબ તઆલાએ) ખાતમુન્નબીય્યીન અને આખિરુલ મુરસલીન બનાવીને મોકલ્યા. સાથોસાથ ઘણા બધા એવા કમાલો અતા કર્યા જે અન્ય અંબિયા તથા રસૂલોને નથી મળ્યા, એ ઝાતે કુદ્સના સમાન અલ્લાહ તઆલા કોઈ નબી પેદા કરે એને કોઈ મુસલમાન માનતો નથી, બલ્કે કોઈ મુસલમાન એ પણ નથી માનતો કે અલ્લાહ તઆલા હવે આપનાથી ઓછા દરજાવાળો પણ કોઈ નબી પેદા કરે.

## ★ અહલે સુન્નતની દલીલો ★

કુર્આને અઝીઝની આ નસ્સે કતઈ (કુર્આની આયતની દલીલ) આ અકીદાની રોશન (ઉઘાડી) દલીલ છે :–

مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَ لٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَ خَاتَمَ النَّبِيّٖنَ

"મુહમ્મદ તમારા પુરૂષોમાં કોઈના બાપ નથી, પરંતુ અલ્લાહના રસૂલ અને ખાતમન નબીય્યીન (નબીઓમાં છેલ્લા) છે." *(સૂરએ અહઝાબ, ૩૩/૪૦)*

ખત્મે નબુવ્વતવાળા લેખમાં અમે સરકારે દોઆલમ ﷺની ૩૬ હદીષો નકલ કરી છે. દા.ત. :–

- أَنَا خَاتَمُ النَّبِيِّينَ لاَ نَبِيَّ بَعْدِي.
- إِلَّا أَنَّهُ لَيْسَ نَبِيٌّ بَعْدِي.
- أَنْ تَكُونَ مِنِّي بِمَنْزِلَةِ هَارُونَ مِنْ مُوسَىٰ، إِلَّا أَنَّهُ لَيْسَ نَبِيٌّ بَعْدِي.
- وَأَنَا الْعَاقِبُ. وَالْعَاقِبُ: الَّذِى لَيْسَ بَعْدَهُ نَبِيٌّ.
- لَمْ يَبْقَ مِنَ النُّبُوَّةِ إِلَّا الْمُبَشِّرَاتُ.
- إِنَّ الرِّسَالَةَ وَالنُّبُوَّةَ قَدِ انْقَطَعَتْ فَلاَ رَسُولَ بَعْدِي وَلاَ نَبِيَّ.
- ذَهَبَتِ النبوّة ، فلا نبوّةَ بعدي.
- فَأَنَا اللَّبِنَةُ ، وَأَنَا خَاتَمُ النَّبِيِّينَ.

● فَأَنَا مَوْضِعُ اللَّبِنَةِ جِئْتُ فَخَتَمْتُ الأَنْبِيَاءَ.
● كُلَّمَا هَلَكَ نَبِيٌّ خَلَفَهُ نَبِيٌّ، وَإِنَّهُ لاَ نَبِيَّ بَعْدِي.
● وَلَوْ قُضِيَ أَنْ يَكُونَ بَعْدَ مُحَمَّدٍ - صلَّى الله عليه وسلم - نَبِيٌّ عَاشَ ابْنُهُ، وَلَكِنْ لاَ نَبِيَّ بَعْدَهُ.

જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે મુર્તઝા વ નબીયે મુજતબા ﷺ પર નબુવ્વત ખત્મ કરી આપી, હવે કોઈ નબીનું પેદા થવું ખત્મે નબુવ્વતની શાનની વિરુદ્ધ છે, તો પછી કરોડો નબી તે પણ ખૂબીઓ તથા કમાલોમાં ખાતમુન્નબીય્યીનના બરાબર પેદા થવા શક્ય નથી.

આ મુબારક હદીષોથી તવાતુરની સાથે એ સાબિત થાય છે કે રસૂલે મુર્તઝા ﷺના નબુવ્વતના એલાન બાદ નબુવ્વત તથા રિસાલતનો ક્રમ ખત્મ થઈ ગયો. આપના પછી હવે કોઈ નબી પેદા થશે નહીં. આપ નબુવ્વતની ઈમારતની આખરી ઈંટ છે એટલા માટે એમાં કોઈ નવા નબીનો વધારો અશક્ય છે. જેથી કરોડો નબી, તે પણ સર્વ સિફતો (ખૂબીઓ) તથા કમાલમાં ''ખાતમન્નબીય્યીન''ના બરાબર પેદા થવું અશક્ય છે.

ઈમ્તિનાઉન્નઝીર (નબી ﷺ જેવા થવું અશક્ય) પર અલ્લામા ફઝલે હક્ક઼ ખૈરાબાદી رَحْمَةُ اللهِ عَلَيْهِની બે જબરદસ્ત સનદો

ઉસ્તાઝે મુત્લક઼ અલ્લામા ફઝલે હક્ક઼ ખૈરાબાદી رَحْمَةُ اللهِ عَلَيْهِએ આયતે કરીમા وَخَاتَمَ النَّبِيّٖنَથી ઈમ્તેનાઉન્નઝીર (નબી ﷺના જેવા પેદા થવું અશક્ય) પર બે જબરદસ્ત સનદો (પ્રમાણો) રજૂ કરેલ છે અને હુજ્જતે ક઼ાતિઆ રજૂ કરી છે. અમે અહીં તેનો ઉર્દૂ તર્જુમો નકલ કરીએ છીએ.

**(૧) પ્રથમ સનદ વિશે** : આપ લખે છે : એ ક઼ાઈલ (ઈમામુલ વહાબિયા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)ના લખાણનો મતલબ એ છે કે,'' હુઝૂર સૈયદે કાઈનાત ﷺના સર્વ કમાલો (ખૂબીઓ)માં બરાબર કરોડો શખ્સો પેદા થવાનો સંબંધ સહીહ છે.'' જે શખ્સ ઉર્દૂ ભાષા સાથે થોડીક સરખી વાકેફિયત ધરાવે છે તે આ લખાણથી આ જ અર્થ નીકળવામાં શક કરશે નહીં. જ્યારે કે હુઝૂર ﷺની પ્રશંસાપાત્ર ખૂબીઓવાળી જાતથી તમામ ગુણો (ખૂબીઓ) તથા કમાલોમાં

બરાબરી ધરાવનાર પેદા થવું સહીહ હોવું બાતિલ છે. કેમ કે એવો એક શખ્સ પણ અસ્તિત્વ પામ્યો તો કુર્આની આયતનું જૂઠુ હોવું લાઝિમ થશે ! અને અલ્લાહ તઆલાનું જૂઠુ બોલવું અશક્ય (મુહાલ) બિઝ્ઝાત છે. અને જેને મુહાલ બિઝ્ઝાત લાઝિમ થાય તેનાથી તકવીન (પેદા થવું)નો સંબંધ સહીહ થશે નહીં. *(તહક્રીકુલ ફતાવા ફી ઈબ્તાલિત્તગા મુતર્જિમ, પેજ–૧૫૫, અલમજમઉલ ઈસ્લામી, મુબારકપુર)*

આપ લખે છે : એવું કહેવું કે, "સર્વ કમાલોમાં હુઝૂર ﷺના બરાબરવાળાનું થવું શક્ય છે." એ વિરોધીઓના ઈજતેમા (વિરોધાભાસીઓનું સંગમ)ની શક્યતાનો સ્વીકાર કરવું છે, અને તે બાતિલ છે.

એની દલીલ એ છે કે જો ધારી લેવામાં આવે કે કોઈ શખ્સ સર્વ કમાલોમાં નબી કરીમ ﷺના બરાબર છે, તો બે સ્થિતિઓથી ખાલી નથી.

તે શખ્સ ક્યાં તો ખાતમુલ અંબિયા હશે. અથવા ખાતમુલ અંબિયા નહીં હોય.

બંને સ્થિતિઓમાં તે શખ્સ હુઝૂર ﷺના બરાબર થશે, કેમ કે તે શખ્સ જો ખાતમુલ અંબિયા હશે તો તો અનાયાસે હુઝૂર ﷺ તે નબીઓના ગૃપમાં દાખલ થશે જેમનો તે ખાતિમ છે. અને મઆઝલ્લાહ ! હુઝૂર ﷺ ખાતમુલ અંબિયા ન રહેશે ! વળી એ શખ્સમાં એક એવો કમાલ (ખાતમુલ અંબિયા હોવું) થશે જે નબી કરીમ ﷺમાં નહીં હોય ! જેથી હુઝૂર ﷺ તે શખ્સના બરાબર ન થશે. (અને તે શખ્સ આપના બરાબર ન થશે, બલ્કે આપના કરતાં ઉચ્ચ મર્તબાવાળો થશે !)

અને જો તે શખ્સ ખાતમુલ અંબિયા થાય તો કેમ કે હુઝૂર ﷺ યક઼ીનન ! ખાતમુલ અંબિયા છે, જેથી હુઝૂર ﷺમાં ખાતમુલ અંબિયા હોવાનો કમાલ જોવા મળશે જે આ તક઼દીર પર એ શખ્સમાં નથી, છતાં પણ તે શખ્સ હુઝૂર ﷺના બરાબર ન થયો. બંને સ્થિતિઓમાં સમાનપણુ (બરાબરી) ધારી લેવા છતાં તેનું બરોબરીયો (સમાન) ન હોવું લાઝિમ થયું. (બીજા શબ્દોમાં તે સર્વ કમાલોમાં આપના બરાબર પણ થયો અને બરાબર ન પણ થયો. તો આ વિરોધીઓનું ભેગા થવું છે, જે મુહાલ (અશકય) બિઝ્ઝાત છે. *–નિઝામ)*

જેથી સાબિત થયું કે સર્વ કમાલોમાં હુઝૂર ﷺના બરાબર શખ્સનું મૌજૂદ હોવું એ બાબતને લાઝિમ કરે છે કે એ શખ્સ સર્વ કમાલોમાં હુઝૂર ﷺના

બરાબર ન હોય. જેથી સ્પષ્ટ થઈ ગયું કે સર્વ કમાલોમાં હુઝૂર ﷺના બરાબર શખ્સનું ક઼ૌલ કરવું (હુઝૂર ﷺના બરાબર હોવાનું કહેવું) ઈજતેમાએ નક઼ીદૈન (વિરોધાભાસીઓનું સંગમ)ની શક્યતાનો ક઼ૌલ કરવું છે, અને એ તો મુહાલ બિઝ્ઝાત (મુદ્દલે અશક્ય) છે, જેથી સર્વ કમાલોમાં હુઝૂર ﷺના બરાબર મૌજૂદ હોવું મુહાલ બિઝ્ઝાત છે." *(ઉપર મુજબ, પેજ–૧૬૬)*

ખત્મે નબુવ્વતવાળા લેખના હવાલાથી જે છત્રીસ હદીષોનો ક્રમ દલીલોમાં અમે સંક્ષિપ્તપણે વર્ણવેલ છે, તેમનાથી પણ દલીલ રજૂ કરવાની આ જ બે તક઼રીરો (ચર્ચાઓ) લાગુ થશે.

## ★ વિવાદ શું છે અને પાયાની દલીલ શું છે ?! ★

ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતાના એક ફત્વામાં આ દલીલને યથાવત રાખી છે અને એની તક઼રીર (ચર્ચા) એ અંદાઝમાં કરી છે કે સમયના કેટલાક લોકોએ એના પર વાંધા ઉઠાવ્યા છે તે ઉઠી જાય છે.

ઈમામે અહલે સુન્નતે પ્રથમ એ સ્પષ્ટ કર્યું કે વિવાદ શું છે, પછી દલીલની તક઼રીર (ચર્ચા)ને વુરૂદે નસ (દલીલમાં આયત કે હદીષ પેશ કરવા) પર અવલંબિત નથી કરી, વળી નસની અવગણના પણ નથી કરી. હવે ખૂબ જ ધ્યાનપૂર્વક ઈમામ અહમદ રઝાનું લખાણ વાંચો, આપ લખે છે :–

★ અલ્લાહ عزوجل وتعالیٰ પર વાજિબ ન હતું કે એ ઉચ્ચ કમાલોને જે હુઝૂરે અક઼દસ ﷺને કેવળ પોતાના ફઝ્લથી અતા કર્યા તે હુઝૂર ﷺને અતા કરતો. બલ્કે શક્ય હતું કે મુહમ્મદ બિન અબ્દુલ્લાહની જગાએ અહમદ બિન અબ્દુલ મુત્તલિબને આપતો, બલ્કે કોઈને ન આપતો, બલ્કે મુદ્દલે દુનિયા જ ન બનાવતો તો કાંઈ એના માટે જરૂરી ન હતું. એમાં કોઈનો વિવાદ (વાંધો) નથી.

★ જેવું કે અરબાબે બસીરત (દષ્ટિવાળાઓ)ને અલ્લાહના ફઝ્લથી એમાં પણ મુદ્દલે કોઈ શંકા કુશંકા નથી કે આ તક઼દીર પર તે અહમદ બિન અબ્દુલ મુત્તલિબ ન હોત તો પણ હુઝૂર પુરનૂર كما لا يخفى على ذوي النور હુઝૂર એ ઝાતે કરીમથી મુરાદ છે જે મઝહરે અવ્વલ તથા મુત્લક઼ ખલીફા છે.

અને એમાં પણ વિવાદ નથી કે હુઝૂર અક્દસ ﷺના અમુક અવસાફ (ખૂબીઓ)માં શરીક હોવું શક્ય છે બલ્કે મૌજૂદ છે. અલ્લાહ તઆલા સર્વ નબી "નબુવ્વતની સિફત" (ખૂબી)માં હુઝૂરે અક્દસ ﷺના શરીક છે.

**વિવાદ :** مِثل من حيثُ هو مِثل માં છે એટલે હુઝૂરે અક્દસ ﷺના તમામ અવસાફ તથા કમાલની ખૂબીઓમાં હુઝૂર ﷺનો ભાગીદાર તથા બરોબરીયો કે દરેક કમાલની એક સિફત જે હુઝૂરને છે તે બીજા માટે પણ હોય.

આ કત્અન મુહાલ (તદ્દન અશક્ય) બિઝ્ઝાત છે કે مِثليّت એ اِثْنَيْنِيَّتْ واِشْتِرَاك વિના મઅકૂલ (યોગ્ય) નથી. (એટલે "મિષ્લ" (સમાન) થવું ત્યાં જોવા મળશે જ્યાં કમસે કમ બે હોય, અને બંનેવ સર્વ ખૂબીઓ (સિફતો)માં એકબીજાના શરીક હોય. –નિઝામ) અને હુઝૂરે અક્દસ ﷺના હજારો ઉચ્ચ કમાલો✪થી સજ્જ છે (એટલે કે સરકાર ﷺના હજારો કમાલો એવા છે જે હુઝૂરની સાથે ખાસ છે, કોઈ એ ખૂબીઓમાં આપનો ભાગીદાર થવાને પાત્ર નથી. ન તો તે ખૂબીઓ એને લાયક છે કે હુઝૂરના સિવાય બીજામાં જોવામાં આવે. –નિઝામ)

જેમ કે : ★ ખાતમુન્નબીય્યીન ★ અફઝલુલ મુરસલીન ★ અવ્વલુલ મન ખલકલ્લાહ ★ અવ્વલુ શાફિક ★ અવ્વલુલ મુશફ્ફઅ ★ અવ્વલુ મન તન્શક્કુ અન્હુલઅર્દ ★ સાહિબુલ મકામુલ મહમૂદ ★ ઈલા ગૈર ઝાલિક.

કેમ કે અવ્વલ તે છે કે ન તેના પહેલાં કોઈ હોય, ન તેની સાથે કોઈ હોય, એ જ પ્રમાણે આખિર તે છે ન તેના બાદ કોઈ હોય, ન તેની સાથે કોઈ હોય.

તો આ (વસ્ફે આખિર = અંતિમ હોવાની ખૂબી) એક પર જ લાગુ થઈ

---

*✪ "હજારો કમાલો" દા.ત. હુઝૂર સૈયદે આલમ ﷺનો એક કમાલ છે "અફઝલુલ મુરસલીન" હોવું. તો આપ સામૂહિક રીતે પણ તમામ નબીઓ તથા રસૂલોથી અફઝલ છે અને વ્યક્તિગત રીતે પણ દરેક નબી તથા રસૂલથી અફઝલ છે અને નબીઓ તથા રસૂલોની સંખ્યા એક લાખ કરતાં અધિક છે. તો આ રીતે જોતાં સરકાર ﷺનો એક કમાલનો વસ્ફ (ખૂબી) એક લાખ કમાલના અવસાફ (ગુણો)થી વધુ થયો. હવે આ રીતે સરકાર ﷺની દરેક કમાલની ખૂબીને સામૂહિક તથા વ્યક્તિગત હૈસિયતથી જોતા જાવ તો ઈમામે અહલે સુન્નતના આ ઈર્શાદની સદાકત (સચ્ચાઈ) ધોળા દિવસની જેમ જાહેર થતી જશે.*

શક્શે, જો બીજાને પણ દા.ત. ખાતિમ (આખરી નબી) માનો તો ત્રણ સ્થિતિથી ખાલી નથી :

❒ ક્યાં તો તે હુઝૂરથી પહેલાં થશે. તો ખાતિમ ન રહ્યો કે હુઝૂર એના બાદ છે.

❒ ક્યાં તો તે હુઝૂરથી પછી થશે. તો મઆઝલ્લાહ ! હુઝૂર ખાતિમ (અંતિમ) ન રહ્યા, કેમ કે ખત્મિયત જેવી રીતે મનાફી બઅદિયત છે, એ જ પ્રમાણે નાફીયે મઈય્યત. એ જ પ્રમાણે અવ્વલિયતને ક઼યાસ કરશો. (એટલે બરાબર એ જ મામલો અવ્વલનો પણ છે કે એની પણ આ જ ત્રણ સ્થિતિઓ થશે અને આ જ દલીલ રજૂ થશે અને છેવટે એ લાઝિમ આવશે કે જેને હુઝૂરના સિવાય પણ અવ્વલ મખ્લૂકાત (લોકોમાં પ્રથમ) અને શાફેઅ વગેરે માનેલ છે તે પ્રથમ હોય. અને ન પણ હોય. અને આ મુહાલ બિઝ્ઝાત છે.

અને સંપૂર્ણપણે જાહેર છે કે આ ઈસ્તિહાલા (મુહાલ બિઝ્ઝાત, અશક્ય હોવું) કોઈ એનાથી જાહેર ન થયું કે કુર્આન મજીદમાં હુઝૂરને ''ખાતિમ'' કહેવામાં આવ્યા, અથવા એ ખૂબીઓ હુઝૂરને અતા થઈ. બલ્કે એ સૌથી નજર હટાવીને અઝલ (પ્રારંભિક કાળ) માં જોઈએ તો એ સમયે પણ આ અવસાફ (ખૂબીઓ) اشتراك بين الاثنين (બંનેની ખૂબી) બનવાને કાબેલ નથી. અને મિષ્લિયત (કોઈનું બીજાના જેવા હોવું) ભાગીદારી વિના અશક્ય. તો સાબિત થયું કે હુઝૂરના જેવાનું અશક્ય હોવું નફસે ઝાત એટલે ''નફસે ઝાતે વહદત''ની મરજી નથી, એનું નામ મુહાલ બિઝ્ઝાત છે.

યાદ રાખશો કે અહીં અર્થ અવ્વલ તથા આખિરમાં વિરોધીઓનું વાંધો લેવું તદ્દન બેક઼ાર છે. ધારો કે જો બે નઝદીકવાળાઓને પણ અવ્વલ તથા આખિર કહી દેવામાં આવે છે, તો અહીં એવું તદ્દન નથી, કેમ કે હુઝૂરની અવ્વલિયત તથા આખિર હોવું યક઼ીનની સાથે એ અર્થ પર છે કે ''ન કોઈ સાથે હોય, ન પહેલાં હોય ન બાદમાં હોય.''

આ તક઼રીર (ચર્ચા) મેહફૂઝ રહે તો વિરોધીઓની સર્વ દલીલોની હક઼ીક઼ત ખુલી જશે, કે તેઓ વાંધાઓના સ્થાનોથી તદ્દન અપરિચિત છે.

## ★ ખાતમુલ અંબિયાની ૨૪ ખાસ ખૂબીઓ જેમાં બીજાની શિર્કત શક્ય નથી ★

મને આ ફત્વાની ખબરના એક અરસા પછી ઉસ્તાઝે મુત્લક઼ હઝરત અલ્લામા ફઝ્‌લે હક્ક઼ ખૈરાબાદી رحمۃ اللہ علیہની લાજવાબ કિતાબ "ઈમ્તિનાઉન્નઝીર" મળી અને મને એની જોવાની પહેલેથી આતુરતા પણ હતી. એમાં ઘણી જ વિગતવાર આપે આ દલીલ વર્ણવી છે. આપે આ જગાએ હુઝૂર ખાતમુલ અંબિયા ﷺના એવા ૨૪ અવસાફ (ખૂબીઓ) ભેગી કરેલ છે જે બીજા સાથે સંયુક્ત નથી થઈ શકતી, બીજા શબ્દોમાં તે બેની (બીજાઓની) ખૂબી નથી બની શકતી. તે ખાસ ખૂબીઓ આપે આ ક્રમ હેઠળ ગણાવી છે :

**૦૧.** સર્વ આલમની તરફ આપનું મબ્ઊષ થવું (આપને મોકલવું). રબ તઆલાનો ઈર્શાદ છે : لِيَكُونَ لِلْعٰلَمِيْنَ نَذِيْرًا "કે જેથી રસૂલ આલમને ડર સંભળાવે." *(સૂ. ફ઼ુર્ક઼ાન, ૨૫/૧)*

રસૂલે પાક ﷺનું ફર્માન છે : હું પૂરી મખ્લૂક઼ની તરફ મબ્ઊષ થયો. (મોકલવામાં આવ્યો)

**૦૨.** રહમતુલ્ લિલ્આલમીન હોવું.

**૦૩.** આપના નૂરનું અલ્લાહની સૌ પ્રથમ મખ્લૂક઼ હોવું.

**૦૪.** સર્જનના લેહાઝથી આપનું અંબિયા (નબીઓ) પહેલાં હોવું.

**૦૫.** સૌ પ્રથમ કબરથી બહાર આવવું.

**૦૬.** સૌ પ્રથમ ક઼યામતની ભયાનકતાથી હોશમાં આવવું. أَوَّلَ مَن يفيق من الصعقة

**૦૭.** સૌ પ્રથમ આપને સિજદાની ઈજાઝત હાંસલ થવું.

**૦૮.** સૌ પ્રથમ આપનું સજદાથી માથુ ઉઠાવવું.

**૦૯.** સૌ પ્રથમ આપનું અલ્લાહ عزوجلનો મુશાહેદો ફર્માવવું (જોવું).

**૧૦.** સૌ પ્રથમ શફાઅત કરનાર.

**૧૧.** સૌ પ્રથમ આપની શફાઅતનું મક઼બૂલ થવું.

**૧૨.** સૌ પ્રથમ આપનું જન્નતની ઝંજીરોનું હલાવવું.

**૧૩.** સૌ પ્રથમ જન્નતના દરવાજાને ખટખટાવવું.

**૧૪.** સૌ પ્રથમ જન્નતનો દરવાજો આપના માટે ખોલવામાં આવશે.

**૧૫.** સૌ પ્રથમ ઉમ્મતને પુલસિરાતથી પસાર કરવું.

**૧૬.** વસીલાના બુલંદ રૂત્બાથી ખાસ આપનું સરફરાઝ થવું.

**૧૭.** આં હઝરત ﷺનું અલ્લાહ ﷻના યમીને કુદ્સમાં અર્શની જમણી બાજુ એવા મકામ પર ઉભા થવું જ્યાં આપના સિવાય કોઈ ઉભો નહીં થાય અને સર્વ આગલા પાછલા આ મકામ પર આપના સરફરાઝ થવા પર રશ્ક કરશે.

**૧૮.** કયામતના દિવસે સર્વ અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام‌નું આપના લવાએ હમ્દની નીચે હોવું.

**૧૯.** શફાએ કુબરા (જે સરકાર ﷺની સાથે ખાસ છે અને સર્વ અવ્વલીન તથા આખરીનના માટે હશે.)

**૨૦.** અલ્લાહ ﷻની નજીક આપનું સર્વ અવ્વલીન તથા આખરીનમાં સૌથી વધુ ઈજ્જત તથા શાનવાળા હોવું.

**૨૧.** કયામતના દિવસે આપનું સર્વ લોકાના સરદાર હોવું.

**૨૨/૨૩.** કયામતના દિવસે તમામ અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام‌ના ઈમામ તથા શફીઅ હોવું.

**૨૪.** તમામ અખ્લાકની ખૂબીઓ (સારી આદતો) અને અમલોની અચ્છાઈઓની પરિપૂર્ણતા કરવી.

પછી આપે ખાસ અંદાઝમાં ઘણી જ ખૂબીપૂર્વક એ વાતની સ્પષ્ટતા કરી કે કોઈ પણ શખ્સ આ અવસાફ (ગુણો, ખૂબીઓ)માં હુઝૂર ﷺનો શરીક નથી થઈ શકતો, કેમ કે કોઈને આ ખૂબીઓમાં હુઝૂર ﷺનો શરીક ઠરાવવું તેના અન્અસ્તિત્વને લાઝિમ છે કે તે શરીક પણ હોય અને શરીક ન પણ હોય. અને આ મુહાલ (અશક્ય) બિઝ્ઝાત છે. વધુ વિગત માટે મૂળ કિતાબ જુઓ :

ઈમ્તેનાઉન્નઝીર ફારસી, પેજ ૫૧૮ થી ૫૨૧, ઈમામ અહમદ રઝા એકેડમી બરેલી શરીફ. આ તેનો જ ઉર્દૂમાં સંક્ષિપ્ત અનુવાદ છે.

## ★ ઈમ્તિનાઉન્નઝીરની દલીલ પર વાંધા અને તેના સંતોષકારક જવાબ ★

એના પર સમયના કેટલાક લોકોએ વાંધા કરેલા છે કે કુર્આને પાકમાં હુઝૂર ﷺને ખાતમુન્નબીય્યીન ફર્માવવામાં આવ્યા એટલા માટે આપના જેવું થવું મુહાલુ બિલ્ગૈર (ગૈર સાથે અશક્ય) છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہની દલીલની ચર્ચાથી આ વાત ઉડી જાય છે.

આપની ચર્ચાનો સાર એ છે કે કુર્આની નસ (આયત) وَخَاتَمَ النَّبِيِّين (ખાતમુન્નબીય્યીન) પર દલીલ મૌકૂફ (આધારિત) નથી, કેમ કે હુઝૂર સૈયદે આલમ ﷺના માટે આ કમાલની ખૂબી કુર્આનના નુઝૂલ પહેલાં અઝલ (હમેશાંથી)માં પણ સાબિત છે અને અઝલમાં પણ શબ્દ ખાતમ બીજાની ખૂબી બનવાને પાત્ર ન હતો. અને આ ખૂબીની સાબિતી વિના બીજાનું હુઝૂર ﷺના જેવા બનવું મુહાલ બિઝ્ઝાત (અશક્ય) છે.

## ★ એક અન્ય શંકાનો જવાબ ★

આ ચર્ચાથી એ વાત પણ ખુલી ગઈ કે હુઝૂર સરવરે આલમ ﷺના તે ગુણો જે આપની સાથે ખાસ નથી, જેમ કે : માનવ હોવું, નઝીર (ડરાવનાર, ખુદાના ખૌફવાળા) હોવું વગેરે, તે હુઝૂર ﷺ સિવાય અન્યોમાં જોવા મળી શકે છે, બલ્કે જોવા મળે છે. જેમ કે કુર્આને હકીમમાં છે. قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ હે મહબૂબ ! ફર્માવી દો કે હું તમારા જેવો બશર (માણસ) છું.

*(સૂ. કહફ, ૧૮/૧૧૦)*

એ જ પ્રમાણે "નઝીર" હોવું હુઝૂર ﷺની સાથે ખાસ નથી, અલ્લાહ તઆલાએ નબીઓ તથા રસૂલોને નઝીર (ડર સંભળાવનાર) બનાવીને મોકલ્યા અને દરેક ઉમ્મતમાં મોકલ્યા અને દરેક ઉમ્મતમાં મોકલ્યા છે. એની સાક્ષીઓ કુર્આન હકીમમાં ઠેક ઠેકાણે છે. દા.ત. :

સૂરએ ફાતિરમાં છે :–

إِنَّا أَرْسَلْنٰكَ بِالْحَقِّ بَشِيْرًا وَّ نَذِيْرًا ۭ وَإِنْ مِّنْ أُمَّةٍ إِلَّا خَلَا فِيْهَا نَذِيْرٌ

"હે મહબૂબ ! બેશક ! અમે તમને હક્કની સાથે મોકલ્યા, ખુશ ખબરી આપનાર અને ડર સાંભળાવતા અને જે કોઈ ગિરોહ હતો સૌમાં એક ડર સાંભળાવનાર થઈ ગયો." *(સૂ. ફાતિર, ૩૫/૨૪)*

સૂરએ રઅદમાં ફર્માવવામાં આવ્યું : إِنَّمَا أَنْتَ مُنْذِرٌ وَّلِكُلِّ قَوْمٍ هَادٍ "તમે તો ડર સંભળાવનારા છો અને દરેક કૌમના માર્ગદર્શક (હાદી)." *(સૂ. રઅદ, ૧૩/૭)*

સૂ. નહ્લમાં એનો ઉલ્લેખ આ પ્રમાણે છે :–

وَلَقَدْ بَعَثْنَا فِيْ كُلِّ أُمَّةٍ رَّسُوْلًا أَنِ اعْبُدُوا اللّٰهَ وَاجْتَنِبُوا الطَّاغُوْتَ ۚ فَمِنْهُمْ مَّنْ هَدَى اللّٰهُ وَمِنْهُمْ مَّنْ حَقَّتْ عَلَيْهِ الضَّلٰلَةُ ۭ

"અને બેશક ! દરેક ઉમ્મતમાં અમે એક રસૂલ મોકલ્યા કે અલ્લાહને પૂજો અને શૈતાનથી બચો. તો એમનામાંથી કોઈને અલ્લાહે રાહ બતાવી ને કોઈના પર ગુમરાહી બરાબર ઉતરી." *(સૂ. નહ્લ, ૧૬/૩૬)*

હવે કોઈ કહે કે હુઝૂરની જેમ હજારો નઝીર (ડર સાંભળનારા) અને લાખો માણસ છે, જેઓ નઝીર તથા બશર (માણસ) થવામાં આપના જેવા છે, તો એ સહીહ છે. પણ એ કે સર્વ કમાલની ખૂબીઓમાં હુઝૂર ﷺ જેવા હજારો છે, અથવા થઈ શકે છે, એ ગલત છે. કેમ કે સર્વ કમાલની ખૂબીઓ (અવસાફ)માં તે ઉચ્ચ ખૂબીઓ પણ છે જે હુઝૂર સાથે ખાસ છે, અને એમનામાં હુઝૂરના બરાબર કે સમાન કદી ન થયો, ન છે, ન થઈ શકે છે.

## ★ વહાબીઓની દલીલો ★

"હુઝૂર સૈયદે આલમ ﷺના બરાબર કરોડો નબી પેદા થઈ શકે છે." પોતાના આ અકીદા પર વહાબી અહલે હદીષ ફિર્કાના ઈમામે (ઈસ્માઈલ દહેલ્વીએ) બે નકલી દલીલો પેશ કરી છે, જેને નકલ કરીને અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી رحمۃ اللہ علیہએ ખૂબ જ સ્પષ્ટ તથા તેહકીકી જવાબો આપ્યા છે. અમે અહીં તેમની જ કિતાબ "તહકીકુલ ફતાવા"થી ઈમામે વહાબિયાની બંને દલીલો જવાબો સાથે પેશ કરીએ છીએ. આપ ફર્માવે છે :

## ★ ''હુઝૂર જેવા થઈ શકે''ની પહેલી નક્લી દલીલ ★

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اَوَ لَیۡسَ الَّذِیۡ خَلَقَ السَّمٰوٰتِ وَ الۡاَرۡضَ بِقٰدِرٍ عَلٰۤی اَنۡ یَّخۡلُقَ مِثۡلَهُمۡ ؕ بَلٰی ٭ وَ هُوَ الۡخَلّٰقُ الۡعَلِیۡمُ ﴿۸۱﴾ اِنَّمَاۤ اَمۡرُهٗۤ اِذَاۤ اَرَادَ شَیۡـًٔا اَنۡ یَّقُوۡلَ لَهٗ کُنۡ فَیَکُوۡنُ ﴿۸۲﴾

''અને શું તે જેણે આસ્માન તથા જમીન બનાવ્યાં એનાં જેવાં અધિક નથી બનાવી શકતો ? કેમ નહીં ! અને તે જ છે મહાન પેદા કરનાર, સર્વ કાંઈ જાણનાર. એનું કામ તો એ જ છે કે જ્યારે કોઈ ચીજને ચાહે, તો તેને કહે ''થઈ જા'' તે તુરત થઈ જાય છે.'' *(સૂ. યાસીન, ૩૬/૮૧, ૮૨)*

مِثْلَهُمْની ઝમીરે જમા મુઝક્કર, સર્વ ઈન્સાનોની તરફ રાજેઅ છે, કેમ કે આયતે કરીમા કયામતના બયાનમાં આવેલ છે, જેથી જે કયામતમાં જીવંત થશે તે વર્ણવેલ આયતના હેઠળ દાખલ થશે, અને જાહેર છે કે દરેક માનવ વ્યક્તિ કયામતમાં જીવંત થનાર છે, જેથી આયતે કરીમાના મુકતદાના પ્રમાણે દરેક વ્યક્તિનુ મિષ્લ (ના જેવું) ખુદાના કુદરત હેઠળ દાખલ થશે. જાણે દલીલનો ક્રમ આ પ્રમાણે થશે કે :

★ આં હઝરત કયામતના દિવસે જીવંત થશે અને આ જરૂરીયાતે દીનથી છે.

★ અને જે શખ્સ કયામતના દિવસે જીવંત થશે, આયતે કરીમા પ્રમાણે તેના જેવો કુદરતે ઈલાહીના હેઠળ સામેલ છે.

(પરિણામ) જેથી નબી કરીમ ﷺના મિષ્લ (જેવા થવું) કુદરતે ઈલાહી હેઠળ સામેલ છે. અને આ જ હેતુ છે. (આ વહાબીઓના દલીલ છે)

### :: જવાબ ::

આ અજબની દલીલ છે જે આગલી પાછલી સર્વ દલીલોની પ્રતિષ્ઠાને ધૂળમાં મિલાવી રહેલ છે. આ આયતે કુર્આનની તફસીર નથી. અલ્બત્ત કાઈલ (કહેનાર)ની તફસીરની જાણકારીની નિશાની જરૂર છે.

અલ્લામા બયઝાવી ફર્માવે છે : (જે ઝાતે કરીમાએ આસ્માનો તથા જમીનોને પેદા કરી) તેમના શરીરોની મોટાઈ અને શાનની અઝમતના છતાં (શું એ એના

પર ક઼ાદિર નથી કે તેમના જેવી વ્યક્તિઓ પેદા કરે) જેઓ જમીન તથા આસમાનની સરખામણીમાં ઘણા જ નાના હોય, અથવા ઉસૂલે ઝાત અને સિફાતે ઝાતમાં એમના જેવા હોય."

કાફિર અને હશ્રે જિસ્માનીના મુન્કિર કહેતા હતા : مَنۡ یُّحۡیِ الۡعِظَامَ وَ ہِیَ رَمِیۡمٌ "સડેલાં હાડકાંને કોણ જીવંત કરશો ?" *(સૂ. યાસીન, ૩૬/૭૮)*

આ આયતે કરીમા હશ્રે જિસ્માનીના એ મુન્કિરોના ઈન્કારને (વહેમને) દૂર કરવા માટે છે અને એનો અર્થ એ છે કે જેણે અઝીમુશ્શાન અને મોટા મોટા શરીરોવાળાં જમીન તથા આસ્માનને પેદા કર્યા તો શું તે એના પર ક઼ાદિર નથી કે તે ઈન્સાનોના નાના ક઼દવાળા મામૂલી નમૂનાઓને પેદા કરી આપે, અથવા જાતના ઉસૂલ તથા સિફતોમાં તેમના જેવા પેદા કરી આપે ?

હા ! તે એના પર ક઼ાદિર છે, તે પેદા કરનાર, જાણનાર છે. એની શાન એ છે કે તે જ્યારે કોઈ ચીજનો ઈરાદો કરે છે તો ફર્માવે છે, થઈ જા ! તો તે પેદા થઈ જાય છે.

જેથી આ આયતની દલીલ એ છે કે અલ્લાહ તઆલા શરીરોને ફરીથી જીવંત કરવા પર ક઼ાદિર (શક્તિમાન) છે અને મુન્કિરોના વહેમને દૂર કરવાનો હેતુ છે.

અને આ જગાએ "મિષ્લ" (ના જેવા)થી મુરાદ એ છે :–

★ જે શરીરના ભાગો અને શરીરથી સંબંધિત સિફતો (ખાસિયતો)માં સમાન હોય.

★ અથવા ઓછા કદ અને મામૂલી હોવામાં સમાન હોય, ન કે સર્વ કમાલોમાં સમાન સમાન હોય, કેમ કે હશ્રે જિસ્માની અને શરીરના ફરી બનવાથી સર્વ કમાલોમાં સમાન હોવાનો ઉલ્લેખ કોઈ રીતે સંબંધ કે મુનાસિબત નથી ધરાવતો.

જેથી આ આયતનો મતલબ એ છે કે શરીરના ભાગો અને તેની સાથે સંબંધ રાખનાર બાબતો અથવા મોટાઈ તથા માત્રા (માપ) દરેક માનવ વ્યક્તિના સમાન, કુદરતે ઈલાહીના હેઠળ સામેલ છે. એવા સ્થાનોએ "મિષ્લ" (ના જેવા)

શબ્દથી સર્વ કમાલોમાં સમાન સમજવું આલિમોની શાનને શોભા આપતુ નથી.

આશ્ચર્યની વાત છે કે આ કાઈલે (કહેનારે) આ આયતમાં આવેલ શબ્દથી સર્વ કમાલોમાં સમાન સમજીને દલીલ કાયમ કરવામાં મહેનતથી કામ લીધું છે, આસાન એ હતું કે અલ્લાહ તઆલાના ઈર્શાદ : اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ (જાહેરી માનવ સ્વરૂપમાં તો હું તમારા જેવો છું. સૂ. કહફ, ૧૮/૧૧૦)થી દલીલ કરતા. આ આયત હુઝૂરની સમાનતાની શક્યતા શું બલ્કે ખરેખર હોવા પર દલીલ પૂરી પાડે છે અને "મિષ્લ" શબ્દ આ આયતમાં પણ આવેલો છે અને "મિષ્લ" શબ્દનો અર્થ જલ્દી સમજાય જાય એવો છે, આ કાઈલ (કહેનાર)ના દિમાગમાં એ જ છે જેને સાબિત કરવાના એ પેંતરામાં છે. વક્ર દષ્ટિ અને બદએતેકાદીથી ખુદાની પનાહ ! અને એનાથી હિદાયત અને સીધાપણાની તૌફીક છે.

## ★ વહાબીની બીજી નકલી દલીલ અને તેનો જવાબ ★

અલ્લાહ તઆલાએ પોતાના કલામમાં વિવિધ જગાએ મખ્લૂકાતના મૌજૂદ હોવાથી તેમના અમ્ષાલ (ના જેવાના સર્જન) માટે પોતાની કુદરતના મુહીત પર (કુદરત હેઠળ હોવા પર) દલીલ પેશ કરી છે. જેમ કે ઘણી આયતોમાં જમીનને જીવંત કરવા, વરસાદ મોકલવાથી, મુડદાંઓને જીવંત કરવા સંબંધે દલીલો પેશ કરી છે. દા.ત. ઈર્શાદ ફર્માવ્યો,

وَالَّذِیْ نَزَّلَ مِنَ السَّمَآءِ مَآءًۢ بِقَدَرٍ ۚ فَاَنْشَرْنَا بِهٖ بَلْدَةً مَّیْتًا ۚ كَذٰلِكَ تُخْرَجُوْنَ

"અને જેણે આસ્માનથી પાણી ઉતાર્યું એક અંદાઝાથી, તો અમે એનાથી એક મુર્દા શહેર જીવંત કરી આપ્યું. એ જ પ્રમાણે તમને કાઢવામાં આવશે.

*(સૂ. ઝુખ્રૂફ, ૪૩/૧૧)*

બાપના વિના હઝરત આદમ علیہ السلامને પેદા કરવાથી બાપના વિના હઝરત ઈસા علیہ السلامને પેદા કરવાની શક્યતાઓ પર દલીલ રજૂ કરી :

اِنَّ مَثَلَ عِیْسٰی عِنْدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَ ؕ خَلَقَهٗ مِنْ تُرَابٍ ثُمَّ قَالَ لَهٗ كُنْ فَیَكُوْنُ

"ઈસાની કહાવત અલ્લાહની નજીક આદમની જેમ છે. તેને માટીથી બનાવ્યો પછી ફર્માવ્યું "થઈ જા !" તો તરત થઈ ગયો. *(સૂ. આલે ઈમરાન, ૩/૫૯)*

સારાંશ એ કે દલીલ રજૂ કરવાનો આ અંદાઝ કુર્આને પાકમાં આમ (સમાન્ય) છે. એના આધારે નબી ﷺનું વજૂદ ખુદ દલીલ બનશે એ બાબતની કે અલ્લાહની કુદરત માટે શક્ય છે. જાણો કે આ સ્થિતિમાં દલીલનો ક્રમ આ મુજબ થશે કે :

જો નબી ﷺનું અસ્તિત્વ (વજૂદ) અલ્લાહની કુદરત હેઠળ સામેલ છે તો આપના મિષ્લ (ના જેવા)નું વજૂદ પણ અલ્લાહની કુદરત હેઠળ સામેલ થશે, અને નબી ﷺનું વજૂદ અલ્લાહની કુદરત હેઠળ સામેલ છે જેથી આના મિષ્લ (ના જેવા)નું વજૂદ પણ કુદરતે ઈલાહીના હેઠળ સામેલ થશે.

કેમ કે કુર્આને પાકના ઈર્શાદ પ્રમાણે કુદરત હેઠળ સામેલ હોવા અથવા સામેલ ન હોવામાં બે સમાન ચીજોનો હુકમ એક હોય છે. *(આ હતી વહાબીની દલીલ)*

## ★ વહાબીની દલીલનો જવાબ ★

આ શંકા પણ વહેમથી અધિક નથી. કેમ કે સિફતો (ગુણો) બે પ્રકારના છે : **(૧)** જેમની ભાગીદારી બે ચીજો વચ્ચે શક્ય હોય અને તે ભાગીદારીથી બાધરૂપ ન હોય. દા.ત. જેમ કે બાપના વિના પેદા થવું કે બે વ્યક્તિઓમાં ભાગીદારી હોવામાં બાધરૂપ નથી. હઝરત આદમ علیہ السلامનું આ વસ્ફ (ખૂબી, ગુણ)માં મૌસૂફ (પ્રશંસિત) હોવું, એ હઝરત ઈસા علیہ السلامના આ વસ્ફ (ખૂબી)થી મૌસૂફ (પ્રશંસિત) હોવાની વિરૂધ્ધ નથી કેમ કે વિના બાપથી એક શખ્સના પેદા થવાથી લાઝિમ નથી થતું કે બીજા શખ્સનું એ ખૂબીથી (પ્રશંસિત) હોવું અસ્વીકૃત થઈ જાય. એ રીતે જમીન જિંદગી પાત્ર હોવાથી એ લાઝિમ નથી થતું કે મુડદાંઓનું એ ખૂબીથી પ્રશંસિત થવું અસ્વીકૃત થઈ જાય. **(૨)** જેમની ભાગીદારી બે ચીજોમાં શક્ય ન હોય, દા.ત. "સર્વ અંબિયાનું ખાતિમ હોવું" કે એક શખ્સનું એની સાથે પ્રશંસિત થવું એ વાત માટે લાઝિમ છે કે બીજો શખ્સ એ વાતથી પ્રશંસિત ન થાય. (એટલે કે એક શખ્સ ખાતમુલ અંબિયા હોય તો બીજો ખાતમુલ અંબિયા થશે નહીં.)

જેથી જો કોઈ એક ખૂબીથી પ્રશંસિત થયો અને ખૂબી પ્રથમ પ્રકારથી હોય તો તે ચીજનું વજૂદ તેના મિષ્લ (ના જેવા) હોવાની દલીલ થઈ શકે છે, અને એ

જ કુર્આને પાકનો મતલબ છે. અને જો ખૂબી (વસ્ફ) બીજા પ્રકારથી હોય તો તેના પ્રશંસિતનું વજૂદ એ ખૂબીમાં સમાન ખૂબીવાળાના વજૂદના શક્ય હોવા પર દલીલ નથી થઈ શકતુ, કેમ કે એ શખ્સનું એ ખૂબીથી પ્રશંસિત (મૌસૂફ) હોવું દલીલ પૂરી પાડે છે કે એ ખૂબીમાં એ શખ્સનું વજૂદ હોવું અસંભવ છે, નહીં તો એ ખૂબી ભાગીદારી માટે શક્ય થઈ જશે. અને એ કલ્પના બહારનું છે.

હુઝૂર ﷺના મૌજૂદ હોવાની સ્થિતિમાં સર્વ કમાલોમાં આપના સમાન હોવા સંબંધે આ કહેનાર (ઈ. દહેલ્વી)ની દલીલ કરવું આ સ્થિતિમાં ધ્યાનને પાત્ર થઈ શક્તુ હતું કે એ કહેનાર પ્રથમ સાબિત કરતો કે હુઝૂર ﷺની સારા ગુણો (ખૂબીઓ)વાળી જાતની સર્વ કામિલ ખૂબીઓ પ્રથમ પ્રકારથી છે અને ભાગીદારી માટે શક્ય છે, આ જ આ મસ્અલાનો પાયો છે. હક્ક઼ આવી ગયું અને બાતિલ ચાલ્યુ ગયું. બેશક ! બાતિલ જનાર છે. *(તહક઼ીકુલ ફતાવા ફી ઈબ્તાલિત્તગવા, મુતર્જિમ, પેજ–૧૭૦ થી ૧૭૫ અલ મજમઉલ ઈસ્લામી, મુબારકપુર)*

સરકાર ﷺના ઈમ્તેનાએ નઝીર (હુઝૂર ﷺના જેવા પેદા થવું અશક્ય)નો આ મસ્અલો "ખત્મે નબુવ્વતના અક઼ીદા" માટે અનિવાર્ય (લાઝિમ) છે અને "ખત્મે નબુવ્વત" એ મુસ્લિમ ઉમ્મતનો ઈજમાઈ અક઼ીદો છે જેની સનદ આયતે કરીમા وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ (હા ! અલ્લાહના રસૂલ છે અને સૌ નબીઓમાં પાછલા. સૂ. અહઝાબ, ૩૩/૪૦) અને મુતવાતિર હદીષો

• أنا العاقبُ الذي ليس بعده نبيٌّ • أنا خاتم النبيين

لا نبيَّ بعدي • انقطعت النّبوة • ذهبتِ النّبوة

વગેરે છે જે ખત્મે નબુવ્વતની ચર્ચામાં વિસ્તારપૂર્વક વર્ણન થઈ ચૂકી છે, જેથી આ પ્રકરણની હદીષો માટે એ જ ચર્ચા જોઈ લેવી જોઈએ.

## ★ અતિશયોક્તિથી બચો ★

અમે પાછલાં પૃષ્ઠોમાં ધોળા દિવસની જેમ સ્પષ્ટ કરી ચૂક્યા છીએ કે વહાબી તથા અહલે સુન્નત વ જમાઅતની વચ્ચે મતભેદ તથા ટકરાવ કેવળ એ ખૂબીઓના બારામાં છે જેમાં ભાગીદારી અશક્ય છે, બીજા શબ્દોમાં એ કે,

**"હુઝૂર સૈયદે આલમ ﷺની સાથે જે ખૂબીઓ ખાસ છે એનામાં કોઈ આપનો શરીક નથી થઈ શકતો."**

અને એ સિફતો (ખૂબીઓ) જેમાં ભાગીદારી શક્ય છે કે એમાં અન્ય લોકો ભાગીદાર હોય શકે છે, બલ્કે ભાગીદાર છે. એ ખૂબીઓમાં આપના જેવો હોવું અશક્ય નથી, બલ્કે શક્ય તથા છે. **કેટલાક વહાબીઓએ એવી જ સિફતોના વિશે અમુક ઉલમા તથા સૂફીઓની વાતો પરથી "ઈમ્કાને નઝીર" (હુઝૂરના જેવા થવું શક્ય હોવા)ની સાબિતી લીધી છે જ્યારે કે આ ખૂબીઓ (સિફતો)માં "ઈમ્કાને નઝીર" (હુઝૂર ﷺના જેવા હોવા)ને માનનારા અમે અહલે સુન્નત વ જમાઅત પણ છીએ. પછી એવા કોઈ ક઼ૌલ (કથન) વડે સનદ લેવી એ અસ્થાને બલ્કે અતિશ્યોક્તિ છે.**

## ★ "ફતાવાએ રઝવિય્યહ"ના એક લખાણથી સમર્થન ★

અમે અહીં એનું એક દષ્ટાંત ફતાવા રઝવિય્યહથી રજૂ કરીએ છીએ. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہને સવાલ થયો કે, "હુઝૂર ﷺના જેવો શક્ય છે કે અશક્ય ? વહાબીઓના એક સમીક્ષકે તેની શક્યતા પર એક ભારે દલીલ ખૂબ જ દાવા સાથે લખી છે કે એ એવી દલીલ છે કે જેને જોયા પછી આમ લોકો તથા ખાસ લોકો, સમજદાર તથા કમ સમજ કોઈએ ઈન્કાર કરવાની શક્યતા બાકી રહેશે નહીં. તે દલીલ આ છે :

ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ તફસીરે કબીરમાં આયત : وَلَوْ شِئْنَا لَبَعَثْنَا فِیْ كُلِّ قَرْیَةٍ نَّذِیْرًا ﴿۵۱﴾ (અને જો અમે ચાહતા તો દરેક વસ્તીમાં એક ડર સંભળાવનાર મોકલતા. સુ. ફુર્કાન, ૨૫/૫૧)ની તફસીરમાં સાફ લખ્યું છે :

لأنها تدلُّ على القدرة على أن يبعَثَ فِی كُلِّ قرية نذيرا مِثْلَ محمد وأنه لا حاجة للحَضْرَةِ الإلٰهيّة إلى محمد. اھ ملقتطا.(٢)

*(ફતાવા રઝવિય્યહ, ૧૮/૨૬, કિતાબુલ અક઼ાઈદ વલ કલામ, ઈમામ અહમદ રઝા એકેડમી, બરેલી શરીફ)*

**એના જવાબમાં** ઈમામ અહમદ રઝા ક઼ાદરી رحمۃ اللہ علیہએ જે આંખો ખોલી

દેનારી સ્પષ્ટતા કરી છે તે વહાબીઓ માટે ઈબ્રત (બોધપાઠ લેવા)નો સામાન છે. આપ ફર્માવે છે : શબ્દ મિષ્લ (સમાન કે ના જેવો) જે ખૂબી સાથે બોલવામાં આવે જો કેવળ એમાં જ સમાનતા બતાવવું છે ન કે બાકીમાં, તો તફસીરના લખાણથી તમને શું ફાયદો ?! એમાં તો કેવળ ડરાવવામાં ભાગીદારી નીકળી, ન કે મઆઝલ્લાહ ! હુઝૂરે અકરમ ﷺના સર્વ કમાલની ખૂબીઓમાં. વળી એને કોણ મુહાલ (અશક્ય) માને છે ! સર્વ નબીઓ ડરાવવાની ખૂબીમાં હુઝૂરે અક્દસ ﷺના શરીક હતા.

જો આટલા પર જ સંતુષ્ઠ છો તો મિષ્લને મુહાલ બિલગૈર (બીજાને માટે અશક્ય) શા માટે કહો છો ? લાખો કરોડો અત્યારે મૌજૂદ છે.

અને જો સર્વ ખૂબીઓમાં ભાગીદારી બતાવવી છે તો ઈમામ રાઝીથી શા માટે સનદ પકડો છો ? ખુદ કુર્આને અઝીમથી જ સનદ પકડો કે રબ ફર્માવે છે : قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ (તમે ફર્માવો, માણસ હોવામાં તો હું તમારા જ જેવો છું. સૂ. હા મીમ સજદા, ૪૧/૬) તમારી (વહાબીની) સમજ પ્રમાણે તો આયતનો એ અર્થ થશે કે "મઆઝલ્લાહ ! કાફિરો સર્વ ખૂબીઓમાં હુઝૂરના સમાન હતા." અને આ રીતે પણ હુઝૂર ﷺના કમાલની ખૂબીઓમાં અત્યારે મૌજૂદ હોવું માનવુ પડશે. *(ફતાવા રઝવિય્યહ, ૧૮/૨૮)*

## ★ જવાબનો સાર ★

જવાબનો સાર એ છે કે "વસ્ફે નઝીર" (હુઝૂર ﷺનું ઉમ્મતને ડરાવવું) હોય કે "વસ્ફે બશર" (હુઝૂર ﷺનું માનવ હોવું) બંનેવ ભાગીદારીની શક્યતાવાળી ખૂબીઓ છે જે હુઝૂર ﷺ સાથે ખાસ નથી એવી ખૂબીઓ (ગુણો, સિફતો)માં હુઝૂર સૈયદુલ અંબિયા ﷺના અગણિત સમાનતાવાળા હોય શકે છે અને તે સૌ કુદરત હેઠળ છે. અહલે સુન્નત વ જમાઅત એવી ખૂબીઓમાં હુઝૂર ﷺના જેવા હોવું અશક્ય હોવાનું નથી માનતા.

અને વહાબીઓ સર્વ અવસાફ (ખૂબીઓ)માં હુઝૂર ﷺના જેવા થવાને શક્ય માને છે. જો તેઓ નઝીર (ડરાવનાર હોવું) અને બશર (માણસ) હોવામાં ભાગીદારીથી હુઝૂર ﷺની સર્વ ખૂબીઓમાં સમાનતાવાળો હોવું સાબિત કરે

છે તો સરકાર ﷺના સમાન હોવાનું ગૈરના માટે શાથી અશક્ય કહે છે ?! સાફ સાફ દાવો કરે કે હુઝૂર ﷺના જેવા હજારો, લાખો, કરોડો ન કેવળ શક્ય બલ્કે મૌજૂદ બિલ્ ફેઅલ (હાલ મૌજૂદ) છે, કેમ કે ડરાવવાની (સિફત) ખૂબીમાં સર્વ અંબિયા હુઝૂરના ભાગીદાર છે અને માણસ (બશર) હોવાની ખૂબીમાં સર્વ માનવો હુઝૂરના ભાગીદાર છે.

કુર્આને પાકને સમજવાના માટે બુધ્ધિશાળીઓએ એમાં તદબ્બુર કરવો જોઈએ ત્યારે આ પ્રમાણની હક઼ીક઼તો સમજમાં આવે છે. એટલા માટે કુર્આને વારંવાર એની હિદાયત કરી. દા.ત. સૂરએ સ઼ાદમાં ફર્માવવામાં આવ્યું :

كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ مُبٰرَكٌ لِّيَدَّبَّرُوْٓا اٰيٰتِهٖ وَ لِيَتَذَكَّرَ اُولُوا الْاَلْبَابِ۝٢٩

"આ એક કિતાબ છે કે અમે તમારી તરફ ઉતારી બરકતવાળી જેથી એની આયતોમાં વિચારે અને બુધ્ધિવાળા નસીહત માને." *(સૂ. સ઼ાદ, ૩૮/૨૯)*

કાશ ! કે વહાબી અહલે હદીષ તદબ્બુરથી કામ લેતા અને કિતાબ તથા સુન્નત ખાસ કરીને સહીહ હદીષોથી આ પ્રમાણે ભાગતા નહીં. *–(સંપૂર્ણ)*

